JAIN KRANTI

# જૈન ક્રાંતિ

Vol. 4 I Issue 12 I Mumbai I September - 2013 I Rs. 25/- I Pages : 40

## આ અંકમાં ખાસ વાંચો

પ્રાતઃસ્મરણ

ચાલો નરકની મુલાકાતે

Youth Connection

क्या हम में हैं ऐसी भक्ति?

Have you cleared your inbox



|| તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.નો જય હો ||

અંક સૌજન્ય : માતુશ્રી કલ્પનાબેન પ્રતાપરાય દોશી પરિવાર - શ્રી પ્રદીપભાઈ દોશી


જે પીડાય છે એ જ
પરમનું પ્રાગટ્ય કરી શકે છે.
પ્રેરણાદાતા પૂ. ગુરુદેવને જન્મદિવસના શુભેચ્છા વંદન...
- ગુરુભક્ત મહેતા પરિવાર


ભૂલને છુપાવે તે ભવ બગાડે...
ભૂલને સ્વીકારે તે જીવ સુધારે...
- ગુરુભક્ત

JAIN KRANTI
જૈન ક્રાંતિ

05th SEPTEMBER 2013 YEAR: 13, ISSUE - 156

PAGES: 36 + 4 • RETAIL PRIZE: Rs.25

SUBSCRIPTION:

LIFE TIME (WITHIN INDIA): Rs. 2500

FOR 2 YRS. (WITHIN INDIA): Rs. 500

LIFETIME (ABROAD): Rs. 20000

FOR ONE YEAR (ABROAD): Rs. 2500

FORMER EDITOR
SHREE RASIKBHAI PAREKH

PUBLISHER
SHREE DEEPAKBHAI BHAYANI

EDITOR
SHREE PRATIMABEN BADANI
SHREE SANGEETABEN SHAH

CONTACT:
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-022-32043232

EMAIL:
pranpushpa@yahoo.com
parasdham108@gmail.com
jainkranti108@yahoo.com
website: www.parasdham.org

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI,

Printed at
ACCURATE GRAPHICS PVT.LTD.
15/A, Samrat Mill Compound,
L.B.S Marg, Vikroli (West), Mumbai - 400 079.
and Published at
202, Satellite Building, Opp. Mistry Complex,
J. B. Nagar, Andheri (East),
Mumbai-400059.

Editor
DEEPAK K. BHAYANI.

આપનું મનગમતુ મેગેઝીન પ્રાણપુષ્પ...
હવે આપને મળશે જૈન ક્રાંતિ સ્વરૂપે...

# ઘંટના રણકાર પહેલા આપણી કોઈ પૂર્વ તૈયારી?



એક રાજા હતો. તેના દરબારમાં એક વિદૂષક હતો. તે બધાને ખૂબ ગમ્મત કરાવતો. એક વખત એને બોલાવીને રાજાએ કહ્યું, ‘આપણા રાજ્યમાં તારા જેવો મૂર્ખ શિરોમણી બીજો કોઇ નથી.એની કદરના પ્રતીક રૂપે તને આ ઘંટ આપું છું. એ તારે ગળામાં પહેરીને જ ફરવાનું. તારા પ્રવાસ દરમ્યાન તને તારા કરતાંય મોટો મૂર્ખ મળે તો આ ઘંટ વગર બોલ્યે એને પહેરાવી દેવાનો.’

વિદૂષક પાછો આવ્યો ત્યારે રાજા મરણપથારી પર હતો. વિશાળ ઓરડો, સામે રાજાની પથારી,

બાજુમાં રાણી, અનેક વૈદો અને પરિચારિકાઓ, સામે નગરજનો.

**રાજા :** ‘અલ્યા, તું તો ઘંટ સાથે જ પાછો આવ્યો !’ દરદમાં પણ રાજાએ વિદૂષકની મશ્કરી કરી લીધી.

**વિદૂષક :** હા નામદાર ! કહી એ ચૂપ થઇ ગયો.‘તું મરી જાય ત્યારે આ ઘંટ તારી કોટે જ બાંધીને મરજે. આપણે તો હવે આ ચાલ્યા.’ રાજાએ કહ્યું.

**વિદૂષક :** ક્યાં ચાલ્યા ?

**રાજા :** મૃત્યુના મહેમાન બનવા. જીવનનો આ અંતિમ પ્રવાસ છે. અંદર બહુ ચિંતા થાય છે.

**વિદૂષક :** એની પૂર્વ તૈયારી કરી હોય તો પછી ચિંતા શાની ?

એ જ તો સવાલ છે ને ! બીજી ભળતી જ ભાંજગડોમાં ભેરવાયેલો રહ્યો ને કશી જ પૂર્વ કે ઉત્તર તૈયારી કરી શક્યો નથી. રાજા નિસાસા સાથે બોલ્યા.

એ સાથે જ વિદૂષક કૂદકો મારીને ઊભો થયો ને પોતાના ગળામાંથી ઘંટ કાઢીને રાજાને પહેરાવી દેતાં બોલ્યો : ‘તો તો મારા કરતાં પણ વધારે મૂર્ખ તો આપ જ નીકળ્યા, એટલે આ ઘંટ માટે આપ જ વધુ લાયક છો. જન્મ્યા ત્યારથી આપને ખબર હતી કે આપને સહુની જેમ મૃત્યુની મહાયાત્રાએ જવાનું છે, તો એ માટેની તૈયારી શું કામ ના કરી ?’

આપણે સહુએ વિચારવાનું છે, રાજાને તો હજી પણ મૃત્યુ પહેલાની ક્ષણોમાં
પોતાની મૂર્ખતાનું ભાન થઈ ગયું, એને તો હજી પણ થોડા સમયની તક મળી ગઈ.
પરતું.... મૃત્યુ તો આપણને પણ આવવાનું જ છે.
કદાચ રાજા જેટલો પણ સમય આપણને ન મળે અને અચાનક જ જવું પડે તો !!!
**મૃત્યુની મહાયાત્રાએ જતાં પહેલાં શું આપણે કોઈ પૂર્વ તૈયારી કરી ???**
**એક ઘંટનો રણકાર તીખા તેજાબ જેવો પ્રશ્ન આપણને પણ પૂછી રહ્યો છે!**

અંક સૌજન્ય
માતુશ્રી કલ્પનાબેન પ્રતાપરાય દોશી પરિવાર - શ્રી પ્રદીપભાઈ દોશી

: પ્રકાશન સહયોગી સૌજન્ય દાતા :
• શ્રી ગુણવંતરાય ઝોંસા (સાયન) • શ્રી ન્યાલચંદ મોહનલાલ લાઠિયા (મૂર્તિજાપુરવાળા) • વી. સી. કે. ફોરેક્સ (કોલકત્તા) • સ્વપનીલ શાહ (ઘાટકોપર)
• પ્રદીપભાઈ પી. દોશી (પાલી) • કલ્પના ગીરીશ દેસાઇ (પાલી) • ઈગલ મેન્યુફેકચરીંગ (મુંબઈ) • પ્રીતિ કાર્ડસ્ (વડોદરા) • શ્રી જયંતિભાઈ સંઘવી (સુરત)
• ન્યુ વિઝન લેઝર સેન્ટર (વડોદરા) • હીના સેલ્સ કોર્પોરેશન (વડોદરા) • લક્ષ્મીકાંતભાઇ જે. શાહ (કાંદિવલી) • ગુરુભક્ત પ્રણયભાઈ મહેતા (ઘાટકોપર)
• મેટલ પરફોરેશન (પ્રા.) લિમીટેડ (વડોદરા) • યુનાઈટેડ મેડીસેલ્સ (પ્રા.) લિમીટેડ(વડોદરા) • મહાવીર ટેક્સટાઈલ (કોલકત્તા) • હેત-ત્વીશા સંજય સંઘવી (ઘાટકોપર)

# MRI Scan merely scans the body parts ... but NRI Shibir scans your entire soul...

**Gurubhakts revel in divinity at the power packed sessions of "Love Yourself" Shibir - A spiritual retreat for NRI's**

### જ્યાં પ્રાપ્તિની જીજ્ઞાસા હોય..ત્યાં કોઈ ડીસ્ટન્સ..ડીસ્ટન્સ ન હોય. !

જ્યારે હૈયામાં જ્ઞાન પ્રપ્તિની..... કંઈક પામવાની જીજ્ઞાસા જાગે છે. ત્યારે કોઈ અંતર રહેતું નથી. રાષ્ટ્ર સંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.ના દેશ-વિદેશ સુધી પહોંચતા સાહિત્ય, સી.ડી. અને ચેનલોના માધ્યમ દ્વારા પ્રવચન આદિથી પ્રેરિત અને પ્રભાવિત ઓસ્ટ્રેલિયા, દુબઈ, મલેશિયા, અમેરિકા આદિ ક્ષેત્રોનાં જ્ઞાનપિપાસુઓ માટે પારસધામ ઘાટકોપરમાં એક NRI શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

બે જ દિવસની આ શિબિર માટે 40થી વધારે ભાવિકો અને 18 બાળકો છેક પરદેશથી ભારત પધાર્યાં હતાં અને સદ્ગુરુના સાંનિધ્યે જ્ઞાન, દર્શન અને સમાધાન રૂપ સંતોષ સાથે, દર છ મહિને આવી શિબિરનાં આયોજનની વિનંતી સાથે વિદાય લીધી હતી. પ્રભાવના અને ટ્રાવેલીંગ એકસ્પેન્સીસ વિનાની આ શિબિરમાં ભાવ અને પામવાની ઝંખના સાથે નિખાલસતા ભારોભાર હતાં.

બે જ દિવસમાં રાષ્ટ્ર સંત પૂજ્ય ગુરુદેવે એમને ધ્યાન સાધના, પાસ્ટ લાઈફ ધ્યાન, મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની સમજ અને સાધના પધ્ધતિ, હૃદયને હચમચાવી દે તેવા દૃષ્ટાંતો સાથે રાઈટ આઈડેન્ટીટીનું રીયલાઈઝેશન, એટેચ થઈને પણ ડીટેચ રહેવા માટે જ્ઞાતાદૃષ્ટા ભાવમાં રહેવાની કલા, મનોમંથન કરાવતા પ્રશ્નો ,મુંઝવતા મનનું સમાધાન, સાધક દશાની પ્રાપ્તિ રૂપ 100% ફરજ અને 0% ફીલીંગ્સની ફોર્મ્યુલા આદિ અનેક ગણું પ્રાપ્ત કરાવ્યું હતું.

મલેશિયા સંઘ પ્રમુખ શ્રી ભૂપતભાઈએ મલેશિયાની લુક એન લર્નની પ્રગતિ સાથે મલેશિયાના મહત્વના કાર્યક્રમને છોડી ભારતમાં પૂજ્ય ગુરુદેવની શિબિરમાં આવવા પાછળના ખેંચાણ દર્શાતા વારંવાર આવી શિબિરના આયોજનની વિનંતી કરી હતી .

NRI શિબિરને સફળ બનાવવા માટે લુક એન લર્ન જૈન જ્ઞાન ધામ ઈન્ટરનેશનલ હેડ શ્રી સ્વાતિદીદી તથા મલેશિયાના શ્રી અલ્પાદીદીની મહેનતની પ્રશસ્તિ સાથે શ્રી પ્રવીણભાઈ પારેખે શ્રી ભૂપતભાઈનું પૂજ્ય ગુરુદેવની સાધનાથી સમૃધ્ધ શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર ફ્રેમ દ્વારા સન્માન કર્યું હતું.







૧) મલેશિયા સંઘ પ્રમુખ શ્રી ભૂપતભાઈનું સન્માન
૨) પૂ. ગુરુદેવ સાથે NRI બાળકો મિત્ર બનીને વાતો કરતાં
૩) નિખાલસપણે પ્રશ્નો પૂછી મનનું સમાધાન મેળવતાં NRI'S




Draped in Divine bliss



# અનન્ય અવધૂત

તપસમ્રાટ પૂ.ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.નું જીવન કવન
– યુગ દિવાકર પૂ. નમ્રમુનિ મ.સા.

મિલનની પ્રથમ મધુર ક્ષણ... ઋણાનુબંધના પ્રાગટયની પાવન ક્ષણ... સ્મૃતિ સંવેદન બની ગઇ. અકારણ પ્રેમનો અહેસાસ અનન્ય અનુભૂતિ કરાવતો હતો. બે આત્માનું મિલન આત્મિક આનંદનો અનુભવ કરાવતું હતું. ચાતુર્માસ પ્રવેશ થયો અને પૂ. ગુરુદેવ પ્રત્યે જીજ્ઞાસા જાગી.

અર્ધી રાત્રે પણ પૂર્ણ જાગૃત અવસ્થામાં હાથમાં માળા હોય અને જાણે કોઈ દૈવી શક્તિ સાથે વાત કરતાં હોય.!! તો ક્યારેક ‘સ્વ’ ની સાધનામાં લીન હોય, ક્યારેક આત્મભાવમાં મસ્ત હોય જાણે આત્માની ઓળખ પછી જે આનંદ હોય તેનું પ્રતિબીંબ ચહેરા પર હોય.!! એક વાત સમજાઈ ગઈ. તપસમ્રાટ પૂ. ગુરુદેવ કોઈ સામાન્ય સંત નથી પણ સિધ્ધ પુરષ છે.

ધીરે ધીરે મહારાજ સાહેબમાંથી ગુરુદેવ બની ગયાં. હૃદય સિંહાસન પર બિરાજમાન થઈ ગયાં. એમની એક દૃષ્ટિ માટે તરસવા લાગ્યાં. એમના એક સ્મિત માટે તડપવા લાગ્યાં. એમાં પણ જ્યારે સાંજે પ્રતિક્રમણ પછી બધાં સંતો ગુરુદેવના ચરણ સ્પર્શ કરે ત્યારે ગુરુદેવ બધાંના માથા પર હાથ મૂકે. ન મૂકે એક માત્ર પૂ. નમ્રમુનિ મ.સા. ઉપર.!! અને એમની અકળામણ, વ્યથા વધવા લાગે.!

તપસમ્રાટ પૂ. ગુરુદેવ સમય અને સંયોગોને સમજનારા હતાં એટલે કદાચ યોગ્ય સમયની રાહ જોતા હશે અથવા નવા મુનિની ધીરજની કસોટી કરતાં હશે અથવા એમની તડપ અને તરસને સ્ટ્રોંગ બનાવતાં હશે.

પર્યુષણ સુધીમાં તો જાણે ગુરુભાવ અને ગુરુતત્ત્વને સમજવા લાગ્યા, અનુભવવા લાગ્યાં. હવે એમના વિના એમને ક્યાંય ગમતું નથી, ક્યાંય રૂચતું નથી, કાંઈ સૂઝતું નથી. હૃદયમાં ગુરુદેવના નામની જ ધડકન છે.

એક દિવસ એમના હોઠ ઉપર કોઈ ઝેરી જંતુ કરડી ગયું હશે અને એમાં સેપ્ટીક થઈ ગયું. પશ-પરૂ ભરાઈ ગયાં, ન બોલી શકાય, ન ખાઈ શકાય અને વેદના પારાવાર.!! બે દિવસ પસાર થઈ ગયાં. ત્રીજે દિવસે ગૌચરીમાં માત્ર સુપ વાપરી પોતાના રૂમમાં જઈ રહ્યાં હતાં. મનમાં ભાવ હતાં પૂજ્ય ગુરુદેવની એક દૃષ્ટિ મળી જાય તો અશાતાના ઉદયને સહન કરવાની શક્તિ મળી જાય.!

ત્યાં તો ગુરુદેવે એમને જોયા અને ઈશારાથી પોતાની પાસે બોલાવ્યાં. બે હાથ જોડી એમની સામે ઊભા રહ્યાં. ગુરુદેવે પાસે પડેલાં ઘેવરમાંથી એક ટૂકડો ઉપાડી એમના મોઢામાં મૂકયો. ગુરુદેવના હાથનો સ્પર્શ થયો અને પૂ. નમ્રમુનિ મ.સા. ના રોમ રોમ પુલક્તિ થઈ ગયાં. આખું અસ્તિત્વ સ્પંદિત થઈ ગયું. હજુ કાંઈ વધુ વિચારે ત્યાં તો ઈશારો કર્યો... જાવ.!!



## ગુરુકૃપાનો પ્રભાવ



એક બૂંદની... એક દૃષ્ટિની આશા હતી અને આખો મહાસાગર મળી ગયો.

પૂ. નમ્રમુનિ મ.સા. રૂમમાં પહોંચ્યાં ત્યાં સુધીમાં તો ઘેવર પેટમાં પહોંચી ગયું હતું અને જે હોઠ ઉપર પૂ. ગુરુદેવનો સ્પર્શ થયો હતો ત્યાં આંગળી ફેરવવાનું મન થયું અને આ શું ? જે હોઠ પરુ-પરુ અને લોહીથી ભરેલાં હતાં એ તો સાવ નોર્મલ છે. જાણે કશું થયું જ નથી.! ગુરુદેવના સ્પર્શમાં આવી દિવ્ય શક્તિ.!!! આ ચમત્કાર છે કે શિષ્ય સ્નેહ.??? કાંઈ જ ખબર નથી પણ જે થયું હતું તે હવે નથી એ નક્કી છે. એક સાથે કેટલાંય ભાવોથી આત્મા ભિંજાવા લાગ્યો. પ્રેમ, અહોભાવ, આશ્ચર્ય, વંદન.!!!

આજ સુધી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ પૂજનીય અને વંદનીય હતાં, હવે પ્રિય અને પરમ પ્રિય બની ગયાં.!! પૂજ્યતા સાથે પ્રિયતા ભળી અને એમના આત્માના આવરણો દૂર થવા લાગ્યાં. જ્ઞાન તેજ પ્રગટવા લાગ્યું. એક એક રહસ્યો સમજાવા લાગ્યાં. જે પુસ્તક, જે ગાથા, જે શ્લોક વાંચે અને એમ જ લાગે આ બધું તો વાચેલું છે. આ બધું તો મને આવડે છે.!! ગુરુકૃપાનો અનુભવ થવા લાગ્યો.

આગમમાં વાંચેલુ યાદ આવ્યું કે, ભગવાન મહાવીરના અનન્ય સંત અઠયાવીસ પ્રકારની લબ્ધિના ધારક હતાં. નક્કી પૂ. ગુરુદેવ પાસે પણ એમની તપ અને સાધનાની આવી કોઈ લબ્ધિ હશે જેના કારણે એમના સ્પર્શ માત્રથી મારો રોગ એક જ ક્ષણમાં મટી ગયો.

ફરી અંદરથી અવાજ આવ્યો. 'તું સાચી જગ્યાએ છે.' તપસમ્રાટ પૂ. ગુરુદેવના એક પછી એક અનુભવ થતાં ગયાં અને પૂ. નમ્રમુનિ મ.સા. ના વિનય, ભાવ, શ્રધ્ધા, ભક્તિ અને સમર્પણતા ઉત્કૃષ્ટ થતાં ગયાં.

એક દિવસ જ્યારે એમને સખત તાવ હતો ત્યારે પ્રતિક્રમણના સમયે રોજની જેમ માંડલામાં ન બેઠાં અને એક થાંભલા પાસે બેઠાં, અને કાઉસ્સગ્ગ કરી રહ્યાં હતાં ત્યારે તપસમ્રાટ પૂ. ગુરુદેવે પૂછ્યું, એ કેમ ત્યાં બેઠાં છે ? પૂ. ગિરીશ મુનિ મ.સા. એ જવાબ આપ્યો, એમને તાવ છે અને ઠંડી લાગે છે. બસ! તપસમ્રાટ ઊઠયા. જે વોકર વિના ચાલી નથી શકતા, એમણે વોકર લેવાની પણ પરવા ન કરી અને સીધા ગયા પૂ. નમ્રમુનિ મ.સા. પાસે! પોતાના હાથે પોતાની સાલ એમના શરીરે લપેટી એવી હૂંફ આપી જાણે એક મા બાળકને આપે.!!

પૂ. નમ્રમુનિ મ.સા. તો કાંઈ સમજી ન શક્યાં, એમની આંખો આવા વાત્સલ્યને પામીને ભીની થઈ ગઈ. એમના ચરણોમાં મસ્તક મૂકી દીધું અને તપસમ્રાટ પૂ. ગુરુદેવનો હાથ એમના મસ્તક પર ફરવા લાગ્યો.

ત્રણ વર્ષની ઉંમરે પિતા પ્રેમથી વંચિત જીવને પિતા તુલ્ય ગુરુ મળ્યાં અને આંખો છલકાવા લાગી.

આવા હતાં તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ જે પોતાની પરવા કર્યા વિના શિષ્યોની ચિંતા કરતાં હતાં.

એક દિવસ બધાં સંત-સતીજીઓ બેઠાં હતાં. સામાન્ય વાતચીત થઈ રહી હતી. કોઈએ કહ્યું, આ નમ્રમુનિ બહુ નબળા છે. વધારે સેવા વૈયાવચ્ચ ન થઈ શકે. તરત જ પૂ. ગુરુદેવે પાટી હાથમાં લીધી અને લખ્યું, 'ભલે નરમ રહ્યાં, પણ આવડત અને કુશળતા ઘણી છે, એટલે સફળ થશે.'



ભલે નરમ રહ્યાં, ભલે ઢીલા રહ્યાં,
પણ આવડત અને કુશળતા ઘણી છે.
તેથી સફળ થશે.

આવા વચન સિધ્ધ હતાં તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ.!! એમના મુખમાંથી નીકળેલો શબ્દ ક્યારેય મિથ્યા ન થાય.!

ફરી એક દિવસ પાટીમાં લખ્યું, 'અંતે તમે મારી પાસે હશો, તમે અંતેવાસી થશો.' પૂ. નમ્રમુનિ મ.સા. ને ગુરુદેવ પ્રત્યે અત્યંત પ્રેમ એટલે અંત સમયની વાત સાંભળી એમને ગુસ્સો આવ્યો અને પાટી લઈ નીચે ફેંકી દીધી. તપસમ્રાટે બીજી પાટી લીધી અને લખ્યું. 'પાટીના ઘા કરવાથી ભવિષ્ય બદલાવાનું નથી !'

પૂ. નમ્રમુનિ મ.સા. ને આખી રાત ઊંઘ ન આવી. હજુ તો મળ્યાં છે, હજુ તો કોઈ વધારે પરિચય થયો નથી, હજુ તો એમને માણ્યા પણ નથી અને વિદાયની વાત.!!! એમનાથી સહન થતું ન હતું. ક્યાંય ચેન પડતું ન હતું. શું થશે ? ક્યારે થશે ? એક જ વિચાર.!!! જેમને મન ગુરુનું મહત્વ હોય તેમના માટે ગુરુની એક દૃષ્ટિ, ગુરુ સાથે વીતાવેલી એક ક્ષણ કે એકાદ ઘટના પણ જીવનભરની સ્મૃતિ હોય છે, જીવનની અમૂલ્ય મૂડી હોય છે.

જ્યાં સુધી પૂ. ગુરુદેવ પૂ. નમ્રમુનિ મ.સા. ની દૃષ્ટિમાં પૂ. રતિલાલજી મ.સા. હતાં



ત્યાં સુધી એમના મનમાં વિકલ્પો હતાં પણ જે દિવસે એમના હોઠ ઉપર 'ગુરુદેવ' શબ્દ આવ્યો, જે દિવસે હૃદયના તાર જોડાવા તે દિવસથી તે નિર્વિકલ્પ થઈ ગયાં.

જે ગુરુને દેવ તરીકે સ્વીકારે છે તે ગુરુની દેહિત ક્રિયાને જોઈ જ ન શકે.

દેહથી એ એક વ્યક્તિ છે પણ દિલથી, આત્માથી તે મારા દેવ છે, મારા માટે ભગવાન છે, પૂજનીય છે, વંદનીય છે, અર્ચનીય છે, સ્મરણીય છે, મનનીય છે અને સર્વસ્વ છે, સર્વોત્તમ છે. જે દિવસથી નિર્વિકલ્પ ભાવ આવે તે દિવસથી જ ગુરુના ચહેરા પર પ્રસન્નતા લાવવાના ભાવ જાગૃત થાય. જે શિષ્યના અવિનયના કારણે ગુરુના ચહેરાની રેખા બદલાય જાય તે શિષ્યના ભાગ્યની જ રેખા બદલાય જાય.

ગુરુ મળવા એ અતિ અતિ અતિ પુણ્યના ઉદયની નિશાની છે.

પૂ. નમ્રમુનિ મ.સા. ને આજે પણ મનમાં એક અફસોસ છે કે એમને ગુરુ તો મળ્યાં પણ એમના કાન ક્યારેય ગુરુનો અવાજ સાંભળી ન શક્યાં કેમકે, એ મળ્યાં એ પહેલાં જ એમણે આજીવન મૌનના પચ્ચક્ખાણ લઈ લીધાં હતાં.

એના કારણ ઉપર ચિંતન કરતાં એમને લાગે છે કે એમણે કોઈક ભવમાં અપેક્ષાઓ રાખી હશે કે મારા ગુરુ મારી સાથે બોલે, મારી વાત સાંભળે, મારી સામે જુએ. એટલે ગુરુ પાસેથી ક્યારેય આશા કે અપેક્ષા ન રખાય. ગુરુ પાસે એમની થર્ડ આય હોય અને એના દ્વારા એ જાણતા જ હોય કે કોને ક્યારે શું જરૂર છે અને કોના માટે ક્યારે શું યોગ્ય છે. !

## અલગારી સંત

એક સામાન્ય પુરુષ અને એક મહાપુરુષ..!

જેમના જીવંત હોવા પર કે જેમની વિદાય પછી કોઈને કાંઈ ફરક ન પડે તે સામાન્ય કહેવાય.

જેમના હોવા પર અને જેમના ન હોવા પર પણ હજારો લોકોને ફરક પડે તે મહાપુરુષ કહેવાય.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ 'મહાપુરુષ' હતાં.

એ જીવંત હતા ત્યારે પણ હજારો-લાખો લોકો અને કેટલાંય પશુ-પક્ષીઓ અને જંતુઓને પણ એમના પોઝીટીવ શુભ પરમાણુઓની અસર થતી હતી. એ જ્યાં જાય



તરવું અને ડૂબવું એ બે ક્રિયા છે,
તરવું કલ્યાણરૂપ છે જ્યારે
ડૂબવું એ અકલ્યાણરૂપ છે.
આહાર તે અકલ્યાણ છે,
અણાહારીપણું તે કલ્યાણરૂપ છે.

ત્યાં વાતાવરણ શાંત અને પ્રસન્ન... પ્રસન્ન થઈ જાય. એમના સાંનિધ્યમાં લોકોની અશાંતિ અને નેગેટીવીટી દૂર થઈ જાય. કેમકે પૂજ્ય ગુરુદેવ શુકલ અને પદ્મ લેશ્યાના અધિકારી હતાં. એ સ્વયં પણ શાંત અને પ્રસન્ન હતાં, એટલે જે એમના સાંનિધ્યમાં આવે એ પણ શાંત અને પ્રસન્ન થઈ જાય.

એમના દર્શન કરવા આવનારા માત્ર બાહ્ય આંખોથી એમની આકૃતિના દર્શન ન હતાં કરતાં. એમના દર્શન કરી એમના શુભ પરમાણુઓમાં પોતાના અસ્તિત્વને, પોતાની ઓરાને સ્નાન કરાવતાં હતાં. પોતાની ઓરાને શુધ્ધ કરતાં હતાં.

જેમનું હૃદય નિર્મળ હોય, જેમનું હૃદય પવિત્ર હોય, જેમનામાં નિ:સ્વાર્થતા હોય, જેમના રોમ રોમમાં કરૂણા હોય, જીવ માત્ર પ્રત્યે વાત્સલ્ય ભાવ હોય, એમની ઓરા, એમની એનર્જી, એમનું અસ્તિત્વ બધું જ પોઝીટીવ હોય.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ આવા જ પોઝીટીવ વ્યક્તિત્વના સ્વામી હતાં. એમની દૃષ્ટિ પણ વિચક્ષણ હતી જે એક જ સેકંડમાં પારખી લેતાં કે આવનાર વ્યક્તિ સ્વાર્થથી આવી છે કે ભક્તિભાવથી.? જે સ્વાર્થથી આવ્યા હોય એમની પહેલાં કસોટી કરે અને પછી જ આશીર્વાદ આપે.

જેનામાં ભક્તિ હોય, જે ભક્તિભાવે આવ્યા હોય, એમના એક જ ભાવ હોય. મને ગુરુદેવના દર્શન થઈ ગયા એ મારા સદ્દભાગ્ય છે અને ગુરુદેવની દૃષ્ટિ મારા પર પડશે એ મારા પરમ સદ્દભાગ્ય હશે.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ આવનારી વ્યક્તિને માત્ર એમના દર્શન જ ન હતા કરવા દેતાં પણ એમને સમજતાં, એમને ઓળખતાં અને પછી એવા પ્રકારના સંકેત કે આજ્ઞા આપતાં જેનાથી તે વ્યક્તિનું આખું જીવન પરિવર્તન થઈ જતું, એનાં બધાં દુ:ખ દર્દ દૂર થઈ જતાં તે ચિંતા મુક્ત થઇ જતાં.

ગુરુદેવે નટુભાઈને પાટીમાં એટલું જ લખી આપ્યું, 'ખાવું કરતાં ખવડાવવું જેને વધારે પસંદ છે એનો માનવભવ સફળ છે.'

ગુરુ એ જ હોય જે સામાન્યને પ્રવચન આપે અને શિષ્યને સંકેત આપે. સામાન્ય માટે ઉપદેશ હોય, શિષ્ય માટે આદેશ હોય.

જે એ સંકેતને, એ ભાવને, એ દૃષ્ટિને, એ નિર્દેશને સમજી જાય તેનું જીવન પરિવર્તન થઈ જાય.

નટુભાઈ પણ પૂજ્ય ગુરુદેવના સંકેતને સમજી ગયાં, અને એમણે એ પ્રકારનો સંકલ્પ કરી લીધો જે આજ સુધી નિષ્ઠા પૂર્વક પાળે છે.

ગુરુનું કાર્ય હોય છે દીક્ષાની પ્રેરણા કરવાનું, દીક્ષા આપવાનું પણ સંયમ સ્વયંનો હોય, સાધના 'સ્વ' ની હોય, આરાધના પોતે જ કરવાની હોય.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ અલગારી સંત હતાં.

એમના જીવનના એક એક પ્રસંગમાંથી આપણને પ્રેરણા મળે છે.

મહાપુરુષ એને જ કહેવાય, પ્રત્યક્ષ હાજર હોય ત્યારે હજારોને પ્રેરણા મળે અને વિદાય પછી લાખોને પ્રેરણા મળે.

# અનન્ય અવધૂતની ઓળખયાત્રા

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. જન્મ શતાબ્દી મહોત્સવ અવસરે 'પ્રાણપુષ્પ' માં પૂ. ગુરુદેવ શ્રી નું જીવન કવન વાંચો અને દરેક અંકમાં પ્રસિધ્ધ થતાં ૧૧ પ્રશ્નોના જવાબો આ ફોર્મમાં ભરીને પારસધામ મોકલો. જન્મશતાબ્દી મહોત્સવ અવસરના છેલ્લા અંક સુધી પ્રકાશિત દરેક અંકોના લેખિત અને સાચા જવાબ આપનારને ઈનામ આપવામાં આવશે.

૧. તપસમ્રાટ પૂ. ગુરુદેવના ચહેરા પર શેનું પ્રતિબીંબ દેખાતું હતું ?

૨. પૂ. નમ્રમુનિ મ. સા. ને તપસમ્રાટની કઇ વાત અકળાવતી હતી ?

૩. પૂ. નમ્રમુનિ મ. સા. ને ગુરુતત્વનો અનુભવ ક્યારે થયો ?

૪. વેદના સમયે પૂ. નમ્રમુનિ મ. સા. ને મનમાં શું ભાવ હતાં ?

૫. પૂ. નમ્રમુનિ મ. સા. ના આત્માના આવરણ દૂર થવાનું કારણ કર્યુ હતું ?

૬. તપસમ્રાટ પૂ. ગુરુદેવનું વચન... પૂ.નમ્રમુનિ મ.સા. માટે જે સિધ્ધ થવું ?

૭. ગુરુના ચહેરા પર પ્રસન્નતા ક્યારે લાવી શકાય ?

૮. પૂ. નમ્રમુનિ મ. સા. ને તપસમ્રાટ માટે શેનો અફસોસ હતો ?

૯. તપસમ્રાટ પૂ. ગુરુદેવનો આ ભવ શા માટે હતો ?

૧૦. 'મહાપુરુષ' કોને કહેવાય ?

૧૧. તપસમ્રાટ પૂ. ગુરુદેવ દર્શનની સાથે શું આપતાં હતાં ?

નામ: ................................ ઉંમર : .......... M [ ] F [ ]

સરનામું: ................................

સીટી: ................ પીન: ................

ફોન નંબર: (ઘર) ................ (મોબાઈલ) ................

ઇ મેઇલ: ................................

પ્રથમ ઇનામ 1 લાખ | દ્વિતીય ઇનામ 51 હજાર | તૃતીય ઇનામ 21 હજાર

૮૦ થી વધુ સાચા જવાબો આપનારનું સન્માન કરવામાં આવશે.

પ્રશ્નોતરમાળાના જવાબ ૩૦/૦૯/૨૦૧૩ સુધીમાં મોકલનારના ફોર્મ જ માન્ય ગણાશે.

જવાબ ભરીને મોકલવાનું સરનામું :

**અનન્ય અવધૂત ઓળખયાત્રા** - પારસધામ : વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ ) મુંબઇ - ૪૦૦૦૭૭

**website : www.parasdham.org**

ફોર્મની ઝેરોક્ષ માન્ય ગણાશે.

Cut Here

Bakulesh Virani 098410 43041

## VIRANI INTERNATIONAL

**Your Key to Security Holograms & Self Adhesive Label Stock**

67B, KMA, Garden, Kannadasan Nagar, Kodungaiyur, Chennai - 600 118. India.
Ph. : +91 44 2555 8945 • Fax : +91 44 2555 3581 • Mobile : +91 9884097410 • mailvirani@yahoo.com • www.virani.in

---

Balwant G. Parekh 98200 65056 amish.p41@gmail.com Amish B. Parekh 98200 52556

## Shantinath Industries

Manufacturing : Lighting Luminaries
Labour Job : Powder Coating and Vitreous Enamelling

We are manufacturing for allleading Lighting Companies such as "Wipro Ltd., Bajaj Electricals Ltd., Crompton Greaves Ltd.,"

Unit II, B-2/2, Opp. Sanghavi Garden,Sagaoen M.I.D.C Phase
Manpada Road, Dombivli (E), Dist. Thane - 421 204.

---

असंखयं जीविय मा पमायए,

જીવન અસંસ્કૃત છે, તૂટવા પર જોડાઈ નથી શકતું.

માટે આત્મસાધનામાં પ્રમાદ ન કરો.

---

Rashmikant Desai - 93240 87750 E-mail : fineeyecare@gmail.com

BETTER EYE CARE
BEST EYE WEAR

## FINE EYE CARE

**Eye Consultants & Optical Gallery**

COMPUTERISED EYE TESTING, QUALIFIED OPTOMETRIST,
CONTACT LENSES & LOW VISION CLINIC

Opp. Shankar Cinema , Tilak Nagar, Chembur, Mumbai - 400 089. Tel.: 2527 7444

---

Since-1954 Hardik Desai - 93210 29293

FINE FINE FINE & ALL FINE TO YOU

FV

## FINE VISION

**Ophthalmic Optical Equipment & Lenses**

384 - M, Dabholkar Wadi, Kalbadevi Road,
Mumbai - 2. Tel.: 2203 7444, 2205 7444, Fax : 2200 7444
Website : www.finevision.in/ E-mail : finevisn@vsnl.com

---

Raju Bhai 91 93201 41945
Amit 98198 99400
Hardik 90969 94466

## JENAM

ENTERPRISES PVT. LTD.

**IRON AND STEEL TRADERS & IMPORTERS**

Email : jenamenterprisespvtltd@gmail.com

Sale Office : 50/A Baroda Street, camac Bunder, Mumabi : 400 009.
Phone : 022 - 3029 7002 / 3029 7056 Fax : 022 -3029 7038

---

તમારા સાથ વગર અમારી જિંદગી અધુરી છે

તમારે યાદો થી આંખો ભીની થઈ ગઈ છે.

ગોસલીયા પરિવાર, ચેન્નઈ

---



*With Best Compliments From*

## OPTICAL PALACE

SINCE 1984

COMPUTERISED EYE TESTING • CONTACT LENS CLINIC

• AUTHORISED CENTRE •

Calvin Klein
SNIPER U.S.A.
Silhouette
Ray-Ban
OXYDO SUNGLASSES
BOSS HUGO BOSS

2, Neelkanth Shopping Centre, Cama Lane Corner,
Ghatkopar (W), Mumbai-400 086. Tel. : 2512 9516

# Devotees Messages



**મા ! તું મને ક્યારે મળીશ ? મારી મા ! તું મને ક્યારે મળીશ ?**

મા તમારી વાંચનાની વાણીના પ્રકાશ માંથી આ 'આત્મા' નામના બાળકનો જન્મ થયો છે. છ વર્ષ પહેલા પારસધામના આંગણે આપના જ સાંનિધ્યમાં આપની વાણીના શ્રવણમાં આજ 'આત્મા' નામના બાળકે હલનચલન કર્યું, પણ બાળકની કરૂણતા કે બાળક મા ને પામી ન શકયું. આ જ બાળક અનાથ બનીને સંસારનાં ચક્રમાં આમથી તેમ ભટકતો રહ્યો અથડાતો રહ્યો. ફરી આજ ચાતુર્માસના અવસરે મા તમારી ફરી યાદ આવી. દરરોજ આપનો અવાજ મને જગાડે મને બોલાવે.

ઊઠ ! બેટા ! ઊઠ ! જાગ ! પણ મા સંસારના સંસ્કારો મારા કર્મોના આવરણે મને તમારા થી દૂર જ રાખ્યા. મારો અહમ્, મારા વિકલ્પો તમને મળવા માટે મને રોકી રાખતા હતા. બસ મા ! હવે બહુ થયું. આજ વિકલ્પોના મશીનને મારી-કચડીને અહમ્‌ને પછાડીને મા, આ બાળક ઉભો થયો છે. કારણ કે મા તમારા શબ્દો, દરેક અક્ષરો મારા આંસુના સ્ત્રોત બનીને નાના બાળકની જેમ રડાવી રહ્યા છે. કોઇ વિચાર નથી ફક્ત શૂન્ય છું. મા ! તું જ મારી મા છે. તમને જોવા માટે આંખો તરસી રહી છે. બસ આજે તો હિંમત કરીને દરેક વાતો તમોને કહેવી છે. આંખો બંધ કરૂ છું તો નજર સામે તમે જ આવો છો. તમારો શ્રેષ્ઠતા ભર્યો આવાજ મારા કાનમાં ગુંજયા કરે છે. અંદરમાં અજંપો રહયા કરે છે. મા તું ફક્ત 'આત્મા' શબ્દથી જ શરૂઆત કરે છે ને ત્યાંજ તારાથી દૂર બેઠેલા બાળકમાં અજબનો સંચાર આવી જાય છે. વિચાર શૂન્ય બનીને માને યાદ કરીને રડયા જ કરૂં છું આજ પરિસ્થતિ ઘરે આવ્યા પછી પણ મનને શાંતિ નથી. જ્યાં સુધી તમોને મળીશ નહીં. આ આપવીતી કહીશ નહીં. ત્યાં સુધી શાંતિ નહીં મળે.

**- તમારું બાળક**

Jai Jinendra, Jai Gurudev! I am Sameer and I live in Dubai. I have been fortunate to have been able to attend this 2nd shibir the 1st shibir I attended was Apoorva Yog Shibir at Chinchan for 5 days. The 2 days of this shibir have passed in no time. The most important thing from this shibir that has touched my heart is the question "Do you love yourself?" I realized that until now I have not been loving myself because I was living in my wrong identity. My structure's name is Sameer and I was too much entangled in my daily routine life living for my family, friends etc. I never had time for myself. Pujya Gurudev has taught me how to fulfill my family, business and social obligations without compromising and caring for myself. Superficial transformation (change in lifestyle) lasts for a very short time but in this shibir I have learnt that changing my own nature causes true everlasting transformation. I feel such NIR shibirs should be organized on a regular basis and I appeal to all NRI's to participate in such shibirs in large numbers and experience eternal bliss.

**- Sameer**

Jai Jinendra, Jai Gurudev! I live abroad and get very little opportunities to experience the physical presence of a Guru I feel sanidhya has more effect on us rather than listening to the same discourses on the net, or on DVD's. During my stay here a number of times I looked in Pujya Gurudev's eyes and felt that he wanted to impart knowledge to me. Pujya Gurudev has taught us how to fulfill our worldly duties and still be indifferent toward the worldly pleasures and care for our own soul. Whenever I went to Pujya Gurudev will questions they were answered by him without me even asking them. I truly feel that his third eye is very powerful. "A Jain never judges" this statement of his has made a tremendous impact on me. I have realized that analyzing myself every moment is more important than to analyze others this will make me connect to my own self. I urge to all living far and abroad to not miss any opportunity of being in sanidhya of Pujya Gurudev and experiencing he divine connection.

**- Sandeep Shishoria**

Jai Jinendra! My name is Sushma Shishoria, I come from Shrajah. Normally when we come to India we are engaged in visiting our relatives and friends and are left with no time to go for Sadhuji's and Sadhviji's darshan and even if we go we get very little time to spend in their sanidhya. This time while coming for the shibir I also got along my children with the intention to do darshan and spend a good amount of time in the pious environment of Parasdhan and Pujya Gurudev's sanidhya. The one to one interaction has inspired me to implement the theoretical knowledge of religion which I knew from childhood. I have been inspired to initiate on the journey of self-realization and by doing so we intend to inspire my daughters who are also participating in this shibir. They were so excited that they were trying to convince my nieces to also join them for the shibir. The in-depth explanation by Pujya Gurudev of vruti and pravruti has made the concept crystal clear in my mind. We have experienced the benevolence of Pujya Gurudev and feel blessed by attending this shibir. Jai Gurudev!

**- Sushma Shishoria**

# ગુરુ... એક પ્રેરણા...

– રાષ્ટ્ર સંત પૂજ્ય શ્રી નમ્રમુનિ મ.સા.



**તમારી રાઈટ આઈડેન્ટીટી કલીયર થાય એટલે તમે રાઈટ એક્શન કરો અને તમને મોક્ષ પ્રાપ્ત થાય, તો પછી ગુરુ અને વિનયની જરૂર ક્યાં પડે ?**

**સંત કે શાસ્ત્રોથી રાઈટ નોલેજ મળી જાય, પછી એને ફોલો કરી આપણી લાઈફને સુધારવાની એમાં ગુરુ અને વિનયની જરૂર ક્યાં પડે ?**

રાઈટ આઈડેન્ટીટી થઈ ગઈ કે 'હું આત્મા છું', એટલા માત્રથી અનંત અનાદિ કાળથી આત્મા સાથે જોડાયેલી રોંગ એકશન, મોહ ભાવ અને મેમરીઝ તરતજ નીકળતાં નથી, અનંતકાળના મોહના આવરણ માત્ર 'હું આત્મા છું', એની સમજ સાથે નીકળતાં નથી.

મોહનું મારણ મોહ હોય છે.

સંસારનો મોહ ઘટાડવા 'પરમ' પ્રત્યેનો મોહ વધારવો પડે.

'પરમ' પ્રત્યેનો પ્રેમ એક માધ્યમ જ હોય છે, કેમકે, જ્યાં સુધી સમજનો પૂર્ણ વિકાસ નથી થતો ત્યાં સુધી માધ્યમની જરૂર પડે છે.

જ્યાં સુધી કેવળ જ્ઞાન ન થાય ત્યાં સુધી આપણા જ્ઞાનને પણ માધ્યમની જરૂર પડે છે. અત્યારે આપણે જે જોઈએ છીએ, જે સાંભળીએ છીએ પણ આંખ અને કાનના માધ્યમથી જ... ડાયરેકટ આત્માથી નહીં. !!

જ્યાં સુધી આપણી એકશન માધ્યમ દ્વારા થાય છે ત્યાં સુધી આપણને માધ્યમની જરૂર પડે છે. કેમકે, અત્યારે આપણી પાસે કર્મોના આવરણના કારણે ડાયરેકટ આત્માથી જ જોવા, સાંભળવા, સુંઘવા આદિની શક્તિ નથી.

એટલે આંખ હોય તો જ દેખાય.

કાન હોય તો જ સંભળાય.

નાક હોય તો જ સુંઘી શકાય.

ટૂંકમાં, આપણે ઈન્દ્રિય આધારિત આત્મ ઓળખવાવાળા છીએ, ઈન્દ્રિય આધારિત સમજ અને કાનવાળા છીએ, ઈન્દ્રિય આધારિત જીવન જીવવાવાળા છીએ.

જ્યાં સુધી ડાયરેકટ આત્માથી જોવાની શક્તિ પ્રાપ્ત નથી થતી ત્યાં સુધી ઈનડાયરેકટ ઈન્દ્રિયોનો ઉપયોગ કરવો પડે છે. જ્યાં સુધી ઈનડાયરેકટ છીએ ત્યાં સુધી 'ગુરુ' ની જરૂર પડે છે. કેમકે, ઈન્દ્રિયો દ્વારા થતી ક્રિયાના કારણે મોહ થાય છે.

આંખથી જોઈને એટ્રેકશન થાય, મોહ થાય, કાનથી સાંભળીને એટ્રેકશન થાય, મોહ થાય, જીભથી સ્વાદીને એટ્રેકશન થાય, મોહ થાય અને એ મોહના કારણે જ સંસારમાં પાછા ભળતાં વાર લાગતી નથી. આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ આ બધું જ આ પાંચ ઈન્દ્રિયોના કારણે જ છે અને એના કારણે આખો સંસાર છે. આ પાંચ ઈન્દ્રિયોના કારણે જ આઠ કર્મો છે.

હવે, જે સંસારનું કારણ છે એને જ આપણે મોક્ષનું કારણ બનાવવાનું છે.

**'ગુરુ' શું કરે છે ?**

ગુરુ, જે ઈન્દ્રિયોના કારણે મોહ જાગે છે. એ ઈન્દ્રિયો પર વિજયી બનાવે છે. ઈન્દ્રિયોને વશ કરતાં, ઈન્દ્રિયોને જીતતા શીખવાડે છે. આંખેથી ગુરુ પરમાત્માના દર્શન સિવાય બીજું કાંઈ દેખાય નહીં, કાનેથી ગુરુ પરમાત્માની વાણી સિવાય બીજુ કાંઈ સંભળાય નહીં, આવી જ્યારે અવસ્થા આવી જાય ત્યારે સમજવું કે ગુરુ મળ્યાં છે અને ફળ્યાં પણ છે.

ઈન્દ્રિયોના કંટ્રોલ માટે ચિત્ત છે. એ ચિત્ત ઉપર જ્યારે ગુરુનો અધિકાર આવી જાય પછી એને બીજું કોઈ મોહી જ ન શકે. એ એટલાં ગુરુમય બની જાય કે એને ગુરુ સિવાય બીજુ કાંઈ દેખાય નહીં, ગુરુ સિવાય બીજા કોઈનું સંભળાય નહીં. એનો અર્થ એ જ થયો કે ઈન્દ્રિયો હોવા છતાં પણ જાણે નથી.

જે આપણી ઈન્દ્રિયોનું મૃત્યુ કરાવે તે ગુરુ હોય.

ઈન્દ્રિયો પર મારો કોઈ જ કંટ્રોલ ન રહે, કોઈ અધિકાર જ ન રહે અને હું પૂર્ણ પણે આધિન ભાવમાં આવી જાઉં, સ્વાધીન પણે જેને હું આધિન થઈ જાઉં એ મારા 'ગુરુ' હોય. !

ગુરુ એ ક્યારેય જરૂરનો વિષય ન હોય. જેની જરૂર પડે, તે જરૂર પૂરી થતાં છૂટી જાય. પણ ગુરુ તો કાયમ હોય. જન્મો જન્મથી હોય અને મોક્ષ સુધી હોય.

ગુરુ ૠણાનુબંધથી હોય. જ્યાં ૠણાનુબંધ હોય ત્યાં વ્યક્તિ ઓટોમેટિક જોડાય જાય અને સેટ પણ થઈ જાય.

ૠણાનુબંધ વિના ક્યારેય ગુરુ પ્રત્યે એટ્રેકશન કે એટેચમેન્ટ થાય જ નહીં. એ જ્યારે સંયમ માર્ગે હોય ત્યારે આપણને પણ સંયમ માર્ગની પ્રેરણા કરે. એ જ્યારે શુધ્ધના માર્ગે હોય ત્યારે આપણને પણ શુધ્ધના માર્ગે લઈ જાય.

**ગુરુનો સ્વીકાર કરવો પડે કે થઈ જાય ?**

ગુરુનો સ્વીકાર તો સહજ ભાવે થઈ જાય. એ તો ઑટોમેટિક જ ઈનર ક્નેકશન થઈ જ જાય અને ઈનર વોઈસ પણ આવી જ જાય. પણ એ સમયે જે

નડે તેને કહેવાય ''બુધ્ધિ.!''

આ બુધ્ધિને મારવી કેવી રીતે ?

બુધ્ધિનું મારણ છે વિનય.!!

જેમ જેમ વિનય ભાવ વધતો જાય તેમ તેમ બુધ્ધિ ઝીરો થતી જાય.

સ્વીકાર ક્યારે થાય ?

જ્યારે બુધ્ધિ ઝીરો થાય.!

ઋણાનુબંધના કારણે ગુરુ, પરમાત્મા કે સત્ પુરુષ પ્રત્યે અંદરમાંથી એક ડીવાઈન લવ અંતર આત્મામાંથી જાગૃત થવા લાગે, એમના સાંનિધ્યમાં... એમના વોઈસમાં, એમના વાઈબ્રેશન્સમાં... એક અલગ જ અનુભૂતિનો અહેસાસ થાય અને ત્યારે અંદરમાંથી કલીક થવા લાગે અને એ કલીકમાંથી જ 'વિનય' પ્રગટવા લાગે. બધું જ અકારણ અને ઑટોમેટિક થાય. બધું જ હૃદયથી થાય. આમાં ક્યાંય મગજ કે બુધ્ધિ ન આવે.!

**મને ગુરુ કેવી રીતે મળ્યાં ?** કેવી રીતે એમના પ્રત્યે એટ્રેકશન થયું ? કેવી રીતે એટેચમેન્ટ થઈ ગયું ? કેમ એમનું સાંનિધ્ય ગમવા લાગ્યું ? કેવી રીતે એમના પ્રેમમાંથી પ્રેરણા મળે છે ? ક્યારે મને એમના પ્રત્યે આટલો બધો રિસ્પેકટ થવા લાગ્યો ?

મનમાં ઉઠતાં આવા એક પણ પ્રશ્નનો જવાબ ન મળે તો સમજવાનું ગુરુનો હૃદયથી સ્વીકાર થયો છે. કેમકે, **ગુરુ એ કવેશ્ચનલેસ પ્રોસેસ છે.**

જ્યાં બધાં વિચારો અને વિકલ્પો વિરામ પામે એ 'ગુરુ' હોય.

જ્યાં બધાં અભિપ્રાયો અને આવડત શૂન્ય થઈ જાય એ 'ગુરુ' હોય.

જ્યાં આપણું આપણા પર ન ચાલે એવી પરિસ્થિતિ આવી જાય, ત્યારે જે થાય તે સમર્પણ હોય.

**આત્મજ્ઞાનના પ્રાગટયમાં સમર્પણતાનું મહત્ત્વ શું ?**

આપણે સહુ નિમિત્ત આધિન જીવો છીએ અને આપણી આસપાસ સંસારના, રાગના, આકર્ષણના, મોહના એટલાં બધાં નિમિત્તો છે જે આપણી રાઈટ આઈડેન્ટીટીને ક્યારેક ભૂલાવી દે છે.

ગુરુ પ્રત્યેનો સ્નેહ અને સમર્પણભાવના કારણે સંસાર પ્રત્યેનું આકર્ષણ અને સંસાર સાથેના ક્નેકશન ઘટવા લાગે છે. જૂના સંબંધો, કામ વિનાના સંબંધો છૂટવા લાગે છે. સંસાર પ્રત્યેનો મોહ ઘટવા લાગે છે.

રાઈટ નોલેજથી પ્રવૃત્તિઓ કદાચ સુધરી જાય છે, પણ વૃત્તિઓ સુધરતી નથી. પ્રવૃત્તિનો આધાર જ વૃત્તિ પર હોવાથી વૃત્તિને સુધારવાની જરૂર છે.

જેમ જેમ વિનય અને સમર્પણતા વધતાં જાય તેમ તેમ વૃત્તિ પર કંટ્રોલ આવતો જાય.

ગુરુ શું કરે છે ?

ગુરુ, કરતાં પહેલાંની સુખ બુધ્ધિ અને કર્યા પછીની કર્તૃત્વ બુધ્ધિથી શૂન્ય કરી દે છે. જ્યારે વ્યક્તિત્વ પ્રત્યેનું સુખ અનુભવાય છે, ત્યારે પદાર્થ પ્રત્યેનું સુખ ભૂલાય જાય છે. ગુરુ એક આત્મિક વ્યક્તિત્વ છે.

જ્યાં સુધી આત્મિક વ્યક્તિત્વ પ્રત્યે ડીવાઈન પ્રેમ નહીં થાય, ત્યાં સુધી રાઈટ આઈડેન્ટીટીની સફળતા પણ પ્રાપ્ત નહીં થાય.

શબરીનો રામ પ્રત્યેનો પ્રેમ, મીરાંનો કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ, ચંદનબાળા અને ગૌતમસ્વામીનો ભગવાન મહાવીર પ્રત્યેનો પ્રેમ જ એમની સફળતા છે, એ પ્રેમ જ એમને મોક્ષ સુધી લઈ જાય છે.

જ્યારે આત્મિક વ્યક્તિત્વ જેવી શ્રેષ્ઠની પ્રાપ્તિ થાય છે ત્યારે પદાર્થ સહજતાથી છૂટી જાય છે.

ચંદનબાળાને મહાવીર પ્રત્યે આત્મિય પ્રેમ થાય પછી એ રાજમહેલના સુખો તરફ વળે કે મહાવીરની સ્મૃતિ તરફ વળે ? એને આંખો ખુલ્લી રાખી દુનિયાના દૃશ્યો જોવા ગમશે કે આંખો બંધ કરી ભગવાન મહાવીરને જોવા ગમશે ?

શિષ્યત્વ એ જ કહેવાય જેમાં ખુલ્લી આંખે પણ ગુરુ જ દેખાય અને બંધ આંખે પણ ગુરુ જ દેખાય.

જ્યાં સુધી બુધ્ધિ કામ કરે છે, ત્યાં સુધી પ્રેમની ઉત્કૃષ્ટ કક્ષાની પરિણતી પ્રગટ થતી નથી. કેમકે, બુધ્ધિ હંમેશાં માપવાનું જ કામ કરે છે. રાઈટ આઈડેન્ટીટી તો થઈ ગઈ પણ આ એકશન સાચી હશે કે તે એકશન ?? આમ કરૂં કે આ કરૂં ?? મગજે કામ કરવાનું શરૂ કર્યું એટલે હૃદયે કામ કરવાનું બંધ કરી દીધું.

પરિણામ ??

મોક્ષના સાવ નજીક પહોંચ્યા પછી પાછા રીટર્ન.!! એકદમ કિનારાની નજીક પહોંચ્યા ત્યાં જ શ્રધ્ધાની નાવ ડગમગવા લાગી. વર્ષોથી ખાણ ખોદતાં હતાં, જ્યાં સોનું પ્રાપ્ત થવાનો સમય નજીક આવ્યો, ત્યાં જ ધીરજ ખૂટી ગઈ, જવા દે ખોદવાનું, આમાં તો માટી સિવાય કાંઈ જ નીકળતું નથી.

સમજ પછીની સફળતા પ્રાપ્ત થવાની ક્ષણ આવતી જ હતી ત્યાં બુધ્ધિએ શંકા લાવી લીધી.!! એટલે ફરી રીટર્ન.!!

ગુરુ સાથે ઋણાનુબંધ હોય એટલે ફ્રિકવન્સી મેચ તો થતી હોય પણ એમાં પરસન્ટેજ હોય... ૧૦%, ૨૦%, ૫૦%, ૮૦%, ૯૦%,... એટલે ૯૦% વાળા પણ રીટર્ન થઈ જતાં હોય છે.

એટલે ગુરુ પ્રત્યે ૧૦૦% પ્રેમ હોવો જોઈએ. પ્રેમ એ જ ભક્તિનો પર્યાય છે, એટલે ગુરુ પ્રત્યે ૧૦૦% ભક્તિ ભાવ હોવો જોઈએ. જેટલી તમારી ભક્તિ વધારે એટલી ગુરુની કૃપા અને કરૂણા વધારે.!

ગુરુની આંખોમાં પણ ભક્ત અને શિષ્ય માટે પ્રજ્ઞા અને પ્રેરણા જ હોય. શિષ્ય એ જ કહેવાય જેની આંખોમાં ગુરુ માટેના પ્રેમ સિવાય એક પણ તત્ત્વ ન હોય અને ગુરુ એ જ કહેવાય જેમની આંખોમાં પ્રેરણા સિવાય કોઈ તત્ત્વ ન હોય.

એમનું એક જ લક્ષ્ય હોય. બધાંને તારવાનું.!

કેવી રીતે એના આત્માનું ઉત્થાન થાય ?

કેવી રીતે એનો આત્મા શુધ્ધ થાય ?

કેવી રીતે એના આત્માની દિશા બદલાય ?

પ્રેરણા દ્વારા શિષ્યનું ઘડતર કરવું એ જ ગુરુનું કામ હોય છે. જેમ જેમ ગુરુ ભક્તિ વધતી જાય તેમ તેમ સ્વયંમાં ફેરફાર અનુભવાતા જાય અને ત્યારે જ રીયલાઈઝ થાય કે જો ગુરુદેવ ન હોત તો આવા જડમૂળના ફેરફાર મારાથી તો થાત જ નહીં. આવું જબરદસ્ત પરિવર્તન, એ પણ ખબર પણ ન પડે તેમ કરવું, મારા માટે તો અશક્ય જ છે.! જો એ ન મળ્યાં હોત તો હું મને મળી જ ન શક્ત.!

એક તરફ હૃદય પ્રેરિત કરતું હોય અને એક તરફ બુધ્ધિ વિદ્રોહ કરતી હોય... આવા સંઘર્ષના સમયે એ જ ટકી શકે જે સંપૂર્ણ સમર્પિત હોય... જેનામાં ઉત્કૃષ્ટ વિનય હોય.

જ્યારે બુધ્ધિ એકદમ શૂન્ય થાય છે, ત્યારે જ રાઈટ આઈડેન્ટીટીમાંથી પ્રજ્ઞાનું પ્રાગટય થાય છે અને એ પ્રજ્ઞા જ આત્મ શુધ્ધિ તરફ લઈ જાય છે.

પ્રજ્ઞાના પ્રાગટય માટે પણ ગુરુ અને ગુરુ પ્રત્યેનો વિનય સહાયક બને છે.

# જૈન વિશ્વકોશ

- પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઇ દેસાઇ




**જૈન વિશ્વકોશમાં શબ્દની પ્રમાણભૂત અને સંપૂર્ણ માહિતી જિનશાસનના ઇતિહાસમાં સીમાચિહ્નરૂપ બનશે.**

વિશ્વના ફલક પર જૈન ધર્મનું આગવું પ્રદાન છે. કલા, દર્શન, સાહિત્ય, સિદ્ધાંતો સમાજરચના અને રાજનીતિ જેવા વિષયોમાં જૈન અગ્રણીઓએ આગવી દૃષ્ટિથી કાર્ય કર્યું છે. એનાં તીર્થંકરો, એની પ્રાણી-માત્ર પ્રત્યેની મૈત્રી, એનો સહઅસ્તિત્વની પ્રેરણા આપતો અનેકાંતવાદ અને જગતને ત્યાગની નવી દિશા આપનારો અપરિગ્રહ વિશ્વની વિચારધારામાં અને માનવવિકાસમાં ઐતિહાસિક સ્થાન ધરાવે છે. એની પ્રાકૃતિક પર્યાવરણની સુરક્ષાનો સંદેશો હજારો વર્ષથી દેશ અને વિદેશના જનજીવન પર પ્રગાઢ પ્રભાવ પાડે છે.

આપણે જાણીએ છીએ કે જૈનધર્મએ જીવનની પ્રત્યેક પરિસ્થિતિનો સૂક્ષ્મતમ વિચાર કર્યો છે અને ગમે તેવી પરિસ્થિતિવાળા માનવીને માટે આત્મઓળખ અને આત્મોન્નતિનો માર્ગ ચીંધ્યો છે. એના ગ્રંથોમાં અને કવિધ વિષયોની ગહન, સૂક્ષ્મ, શાસ્ત્રીય, તર્કબદ્ધ વિચારણા કરવામાં આવી છે. સાહિત્યના ક્ષેત્રે પણ જૈન વિદ્વાનો અને સાધુ કવિઓએ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી અને અર્વાચીન ગુજરાતી ભાષામાં પુષ્કળ મહત્ત્વનું કાર્ય કર્યું છે. આચારના ચુસ્ત અને કડક પાલન દ્વારા જૈન સાધુસાધ્વીઓએ ભગવાન મહાવીરના સમયથી ચાલી આવતી શ્રમણ પરંપરાને અખંડિત જાળવી રાખી છે. જૈન તત્ત્વજ્ઞાન એની આગવી તર્કબદ્ધ અને જીવનસ્પર્શી વિચારસરણીથી યુક્ત છે. જૈન ઇતિહાસનાં પુષ્ઠો વીરપુરુષો, દાનેશ્વરીઓ, જ્ઞાનીપુરુષો અને શ્રેષ્ઠીઓથી ઉજ્જવળ છે. જૈન ખગોળ, ગણિત, જ્યોતિષ, વિજ્ઞાનને કઇ રીતે ભૂલી શકાય ? પર્યાવરણ જેવો આધુનિક ખ્યાલ પણ જૈન ગ્રંથો અને જૈન જીવનશૈલીમાં વર્ષોથી જીવંત છે.

આટલી બધી માહિતી હોવા છતાં એ માહિતીનું એકત્રીકરણ થયું નથી. કોઇ વ્યક્તિને સામાયિક વિશે જાણવાની જિજ્ઞાસા થાય. કોઇને મહારાજા સમ્પ્રતિ વિશે જાણવાની જરૂર પડે તો કોઇને સમેતશિખર તીર્થ વિશે જાણવું હોય તો આપણી પાસે કોઇ જ્ઞાનસાધન ઉપલબ્ધ નથી. જૈનધર્મ વિશ્વધર્મ છે, એમ કહીએ છીએ, પણ એ જૈનધર્મની વિશ્વને ઓળખ આપનારો અદ્વિતીય પ્રયત્ન તે 'જૈન વિશ્વકોશ' છે. કોઇપણ પ્રજાની પ્રગતિ, સંસ્કૃતિ અને સમૃદ્ધિનું માપ તેની જ્ઞાનસજ્જતા અને જ્ઞાનસાધનની વિપુલતા પરથી નીકળે છે. જ્ઞાનની વિવિધ શાખા-પ્રશાખાઓને લગતા વિષયોની માહિતી સંક્ષિપ્ત પણ અધિકૃત સ્વરૂપમાં મળે તે આવશ્યક છે અને તે કાર્ય જૈન વિશ્વકોશ દ્વારા શક્ય બને. આ જૈન વિશ્વકોશ એટલો સર્વાંગીણ માહિતીનો ભંડાર. કોઇપણ ધર્મ, સભ્યતા કે સંસ્કૃતિના વિકાસ માટે આવો વિશ્વકોશ આવશ્યક છે.

જુદાજુદા વિષયને લગતા ગ્રંથો લખાયા છે, પરંતુ જૈન વિશ્વકોશનું સર્વાંગીણ સાહિત્ય હજુ ઉપલબ્ધ થયું નથી. આમ અનેક વિષયોનો અત્યંત મૂલ્યવાન અને પ્રમાણભૂત માહિતી ગ્રંથ આપવાનો જૈન વિશ્વકોશનો આશય છે.

અનેક સાધુમહાત્માઓ, વિદ્વાનો અને જુદા જુદા વિષયના નિષ્ણાતોનો આમાં સાથ લેવો પડે અને આ ભગીરથ કાર્ય કરવાની યુગ દિવાકર મુનિરાજ શ્રી નમ્રમુનિજીએ પ્રેરણા કરી. જૈન સમાજમાં હજારો વર્ષથી નહીં થઇ શકેલું આ કપરું કાર્ય કરવાની પાછળ એમની શાસનભક્તિ, વિદ્યાપ્રીતિ અને સમાજઉત્થાનની ભાવના કારણભૂત બની અને આ કાર્યની જવાબદારી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ અને શ્રી ગુણવંત બરવાળિયાએ સ્વીકારી અને એક વિરાટ કાર્યનો પ્રારંભ થયો.

સૌ પ્રથમ તો આ વિશ્વકોશમાં અનેક વિષયોને આવરી લેવામાં આવશે. જેમાં જૈન કલા, જૈન ક્રિયાઓ, જૈન વ્રત અને તપ, જૈન શાસ્ત્રકારો, ગ્રંથો, સંશોધન સંસ્થાઓ, જૈન સિદ્ધાંતો, તીર્થંકરો, શ્રેષ્ઠીઓ, સ્વાતંત્ર્ય સેનાનીઓ, ગણધરો, ઉત્તમ શ્રાવકો અને શ્રાવિકાઓ, પ્રતીકો, જ્ઞાનભંડારો, જૈન ભૂગોળ, જૈન ગણિત, જૈન જ્યોતિષ, જૈન ધર્મ અને સમાજશાસ્ત્ર, જૈન ધર્મ અને માનસશાસ્ત્ર, જૈન ધર્મ અને પર્યાવરણ, જૈનભાષા-સાહિત્ય, જૈન પંડિતો, જૈન વીરપુરુષો, જૈન રાજવીઓ, તીર્થસ્થળો, સામયિકો, સંપ્રદાયો, ગચ્છો, પત્રકારો, જૈન ખગોળ, જૈન ધર્મ અને શાકાહાર

જેવા આશરે સિત્તેર જેટલાં જુદાં જુદાં મુખ્ય વિષયોના જુદાં જુદાં પેટાવિષયો અને ભિન્ન ભિન્ન પાસાંઓ વિશે લેખન કરવામાં આવશે અને એમાં દરેક વિશે પ્રમાણભૂત માહિતી રજૂ કરવાનું આયોજન છે.

આ વિરાટ કાર્યના પ્રારંભે સૌ પ્રથમ મુંબઇમાં ચાલીસ જેટલાં સ્કોલરોની ઉપસ્થિથિતમાં સમગ્ર આયોજનની રૂપરેખાની ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી કુમારપાળ દેસાઇ અને શ્રી ગુણવંત બરવાળિયા, શ્રી અભયભાઇ દોશી, શ્રી કલાબેન શાહ, શ્રી બીપીનભાઇ દોશી, શ્રી રસિકભાઇ મહેતા તથા બીજા જાણીતા વિદ્વાનો ઉપસ્થિત રહ્યાં હતાં અને આ રૂપરેખાને આધારે વિશ્વકોશમાં આ લખાણ કઇ રીતે લખવું એનું માળખું નક્કી થયું હતું. સહુએ આ કાર્યને અત્યંત ઉત્સાહભેર વધાવી લીધું હતું.

એ પછી ૧૪ ઑક્ટોબર ૨૦૧૨ ના રાજ અમદાવાદના વિદ્વાનોની એક કાર્યશિબિર યોજવામાં આવી અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સભાગૃહમાં પદ્મભૂષણ શ્રી મધુસૂદન ઢાંકીના અધ્યક્ષપદે એનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી અનિલાબેન દલાલ, શ્રી નરેન્દ્રભાઇ ભંડારી, શ્રી રાજમલભાઇ જૈન, શ્રી રમણિકભાઈ શાહ, શ્રી કાંતિભાઈ શાહ, શ્રી થોમસભાઇ પરમાર, શ્રી નિરંજનાબેન વોરા, શ્રી પૂર્ણિમાબેન શાહ, શ્રી કનુભાઈ શાહ, શ્રી છાયાબેન શાહ, શ્રી જાગૃતિબેન ઘીવાલા, શ્રી પ્રવીણભાઈ શાહ હાજર રહ્યા હતા અને દરેકે આ કાર્ય અંગે સૂચનો આપ્યા હતા.

તે પછી અમદાવાદમાં યુગ દિવાકર મુનિરાજશ્રી નમ્રમુનિનું આગમન થતાં વિશ્વકોશના સભાગૃહમાં ભારે ઉત્સાહ વચ્ચે જૈન વિશ્વકોશ વિદ્વાનોની સભાનું આયોજન થયું હતું. વળી આ પ્રસંગે અજરામર સંપ્રદાયના શ્રી ભાસ્કરમુનિજી મહારાજ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જુદા જુદા વિદ્વાનોએ આ કાર્ય અંગે વક્તવ્ય આપ્યું હતું અને ત્યારબાદ પૂજ્યશ્રી ભાસ્કરમુનિએ કહ્યું હતું કે અમને આજે મુનિરાજશ્રી રત્નચંદ્રજી મહારાજે કરેલા ભગીરથ કોશકાર્યનું સ્મરણ થાય છે અને આ કાર્યને અમારા આશીર્વાદ તો છે, પણ એમાં જરૂર પડે અમે પૂરતો સહયોગ પણ આપીશું.

એ પછી જૈન વિશ્વકોશમાં ક્યા અધિકરણો લેવા, એની વિચારણા કરવા માટે કોબાના શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્રના શ્રી કૈલાસસાગરસૂરી જ્ઞાનમંદિરમાં ૨૯મી જુલાઈ ૨૦૧૩ના રોજ એક કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસની આ કાર્યશિબિરમાં બેસીને અને કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિરના વિશાળ ગ્રંથભંડારનો સહયોગ તેમજ શ્રી કનુભાઈ શાહ અને અન્યના સહકારથી સુંદર કામગીરી થઈ અને જુદા જુદા વિદ્વાનોએ જૈન વિશ્વકોશના અધિકરણો (એન્ટ્રી)ના લેખનનું કાર્ય સોંપવામાં આવ્યું.

અત્યાર સુધી જૈનધર્મમાં શબ્દકોશો થયા છે, પરંતુ એકે વિશ્વકોશ થયા નથી. શબ્દકોશમાં શબ્દ અને એનો અર્થ આપવામાં આવે છે, જ્યારે વિશ્વકોશમાં જે કોઈ એન્ટ્રી હોય તેની પ્રમાણભૂત અને સંપૂર્ણ માહિતી આલેખવામાં આવે છે અને એ રીતે આ વિરાટ કાર્ય જિનશાસનના ઈતિહાસમાં સીમાચિહનરૂપ બનશે. અત્યારે એકસો જેટલા વિદ્વાનો આ કાર્યમાં પોતાના જ્ઞાન, માહિતી અને અનુભવનું પ્રદાન કરી રહ્યા છે અને દેશભરમાં વિદ્વાનોનો આ માટે સંપર્ક સાધવામાં આવી રહ્યો છે. જૈનધર્મના વિરાટ અને ભવ્ય આકાશનો આમાંથી સહુને પરિચય મળી રહેશે.

શ્રી ઉવસગ્ગહરં ભક્તિ ગ્રુપ
(ઘાટકોપર)

વિશ્વાસ જ્યારે 'સ્વ' પર હોય છે ત્યારે
તેને કોઈ તોડી શકતું નથી.

Viraj
CHILDREN'S WEAR

mint
The Taste of Clothing
Exclusive Ladies Salwar Kameez & Western Outfit

Nilkanth Market, M. G. Road, Ghatkopar East., Mumbai- 400 077
Tel. 21022063/ 9322593980, Customer Care No. - 9322593980 (Email Id- mintfashion@gmail.com)

# क्या हम में है ऐसी भक्ति ?




"एक दिन तेरे आंगन में राम पधारेंगे, एक दिन तुझे 'राम' जरुर मिलेंगे । तुने मेरी बहुत सेवा की है, मै तुझे आशीर्वाद देता हूं, एक दिन तेरी भक्ति से प्रसन्न होकर, तुझे अपना बनाने, तुझे अपने साथ ले जाने, राम तेरे घर - आंगन अवश्य पधारेंगे ।"

शब्द कानों में पड़ते है, पर पता नहीं 'राम' कौन है ? 'राम' कैसे है ? 'राम' कब आएंगे ? 'राम' का नाम सुनते ही हृदय के तार जैसे झंकृत हो उठते है, 'राम' का नाम सुनते ही दिल में हलचल-सी मच जाती है, हृदय स्पंदित होने लगता है, मन में मीठी उलझन होने लगती है, मन की व्याकुलता बढ़ने लगती है ।

कौन होंगे यह राम ? कैसे होंगे यह राम ? कैसे मिलुंगी मै उनसे ? कैसे पहचानुंगी मै उन्हें ? पर नहीं... जब गुरुदेवने आशीर्वाद दिए है तो एक दिन जरुर वे पधारेंगे, वे कोई श्रेष्ठ व्यक्ति ही होगे... वे कोई असाधारण व्यक्ति ही होगे... !

ऐसा कौन सोचता होगा भला. ? यह और कोई नहीं, यह थी सोलह वर्ष की एक बालिका... जिसे गुरुदेव ने आशीर्वाद दिए थे... तब से वह विचारमग्न थी 'राम' के बारे में, 'राम' के व्यक्तित्व के विषय में, 'राम' के आगमन विषय में... !!

राह चलते उसे जो मिलता उनसे पूछती, "राम कौन है ?" कोई कहता, "राम तो भगवान है ।" दूसरे से पूछती 'राम' दिखनें में कैसे है ? जवाब मिलता राम तो श्रेष्ठ है, उनके जैसा सौंदर्य, उनके जैसा व्यक्तित्व शायद ही किसी का हो ।

तीसरे से पूछती है, "राम कहाँ रहते है ?" जवाब मिलता है, "राम तो राजा है, राजमहल में रहते है ।"

सबको प्रश्न पूछने के पश्चात जवाब के आधार पर राम का कल्पना चित्र उस बालिका के मानसपट पर तैयार होने लगता है...

'राम' उसके हृदय में, 'राम' उसके रोम-रोम में ऐसे बस गये मानो जन्मो-जन्म का कनेक्शन हो... !! 'राम' का नाम उसकी अंतरआत्मा से ऐसे जुड़ गया मानो उनसे कोई ऋणानुबंध हो... !!

रोज सुबह हुई नहीं की घर के दरवाजे पर खड़ी हो जाती... राम के आने की प्रतिक्षा करती... अपने गुरुदेव की प्रति मन में अटूट श्रद्धा... गुरुदेव ने कहा है 'राम' तेरे आंगन पधारनेवाले है । मां बुलाती है... नहीं जाती, पिता की ओर नहीं देखती... खाने - पीने की सुध नहीं... उसके मन में बस एक ही रटण... राम, राम

और राम... उसके मन में एक ही स्मरण... एक ही सुमिरन... राम, राम और राम...!! एक ही काम... राम की प्रतिक्षा... और कुछ उसे नहीं लुभाता था, न किसी के साथ बोलना न किसी के साथ मिलना... न किसी अन्य कार्य में रुची...।

उसके मन में बस एक ही धून थी... मेरे गुरुदेव ने कहा है, राम मेरे घर आनेवाले है...! लोग कहते है राम राजा है, राम भगवान है । जो भी हो... मुझे तो यह महसुस हो रहा है, 'राम श्रेष्ठ है, राम सर्वोत्तम है, राम महान है, राम शक्ति, शील व सौंदर्य के प्रतिक है, राम आदर्श है, राम सबके जैसे नहीं, राम विरल विभुति है, राम महापुरुष है, राम मेरे लिए मेरे पास आनवाले है ।

लोग यह भी कहते है, "तु तो सौभाग्यशाली है जो राम तेरे घर आनेवाले है, उनका शुभ आगमन तेरे द्वार होने वाला है, और तो और सोने में सुगंध समान तुझे तो सदगुरु का आशीर्वाद भी मिला है जो एक न एक दिन जरुर फलेंगा...!!

फिर भी राम के आने की प्रतिक्षा... कब आयेंगे राम ?

रोज सवेरा हुआ नहीं की राम की राह में वह द्वार पर खड़ी हो जाती है...

पर वे तो राम है...

क्या इतनी सहजता से राम को एसे ही पाया जा सकता है ? क्या राम ऐसे ही मिल जांएगे ?

सहजता से आनेवाले राम 'राम' नहीं आम होते है... सामान्य होते है... राम तो विशेष है, श्रेष्ठ है, सर्वोत्तम है, महान है, महापुरुष है और महापुरुष को पाने के लिए मेहनत करती पड़ती है जहेमत उठानी पड़ती है ।

**परम को पाने के लिये पीड़ा सहनी पड़ती है,**
**त्याग करना पड़ता है**

तभी तो परम की प्राप्ति हो सकती है, तभी तो श्रेष्ठ को पाया जा सकता है ।

यह तो थी सोलह वर्ष की कन्या... मुग्धावस्था तक पहुँची बाला... रोज-रोज राम की राह देखती है, खान-पान की सुधी नहीं... सुबह की दोपहर, दोपहर की शाम... माता-पिता बुलाते है, समझाते है... न वह माता-पिता का सुनती है, न अन्य किसी का...!!

उसके अंतरमन में एक डिवाईन लव जागता है, ऋणानुबंध जागता है, जिस राम को देखा नहीं, जिस राम से मिली नहीं उनके प्रति डिवाईन लव हो जाता है ।

जिनके हृदय में डिवाईन लव जागता है वे किसी का सुनते नहीं, समझते नहीं... ।

उसकी आँख में तो एक ही काल्पनिक आकृति है... अपने राम की... राम के सिवा उसे कुछ नहीं दिखता... समस्त चेतना उसकी राम की ओर ही केन्द्रित हैं...

**"राम के सिवा न दूजा कोई भाव है,**
**राम के सिवा न सूजे कोई काज है,**
**तन में राम मन में राम सब में राम दिखते हैं ।"**

सोलह वर्ष की कन्या राम की अविरत प्रतिक्षा में रत... उसका यह वर्तन... माता-पिता के मन में परिवर्तन ले आता है। और फिर एक दिन माता-पिता उसे डांट देते हैं...

क्रोधावेष्टित होकर वे उसे कह देते हैं... तुझे जाना हो वहाँ जा... चली जा वहाँ जहाँ तुझे तेरे राम मिलनेवाले हो... इस घर में अब इस तरह बिना खान-पान के किसी का सुने बगैर, किसी के साथ बोले बगैर रहने में क्या अर्थ है ?

**जगत का नियम है, आप जब तक सामनेवाले का सुनते हो,**
**तबतक ही साथ मिलता है, अन्यथा अनाथ ही रहना पड़ता है।**

कुछ यही होता है सोलह वर्ष की बाला के साथ... राम की अविरत प्रतिक्षारत... डिवाईन लव... ऋणानुबंध... जैसे सोलह वर्ष की यह कन्या इसी क्षण की राह देखती हो चूपचाप घर से बाहर निकल जाती है... क्योंकि उसे घर-परिवार, सगे-संबंधी, स्नेही-स्वजन सबकुछ बंधन लगने लगता है... उसके मन में एक ही रटण था... 'राम' ! उसके हृदय में एक ही स्पंदन था... 'राम' !! उसके हृदय में एक ही घुटन थी... राम !! जब तक रटण और घुटन होता नहीं, तब तक शरण सार्थक होता नहीं । चरण और शरण को स्वीकारने का एक ही मापदंड है... रात दिन सतत रटण और घुटन...!!

**शरण को स्वीकारने के पश्चात ही**
**आत्मा का अनुभव होता है।**

राम नाम के स्मरण-रटण के साथ शबरी घर, परिवार, वस्तुएँ, वातावरण सबको छोड़कर निकल पड़ी...!

क्रमशः



# भगवान जैसी दृष्टी

जैसे-जैसे समय बीतता चला जा रहा, जैसे जैसे समय बदलता चला जा रहा, वैसे-वैसे हमारे विचार, हमारी मान्यताएं, हमारे भाव, हमारी परिस्थित, हमारे सिद्धांन्त, हमारा दृष्टिकोण भी बदलता जा रहा है।

जब हमारे आस-पास की सभी चीज बदल रही है, सब कुछ परिवर्तित हो रहा है, तो मन की परिवर्तित होने में देर कितनी ?

परमात्मा कहते है इस जगत् की प्रत्येक वस्तु, व्यक्ति और वातावरण परिवर्तन शील है। सबकुछ परिवर्तन हो रहा है और इसके साथ- साथ हमारा मन,हमारे विचार भी परिवर्तित हो रहे है, ऐसी स्थिति में परमात्मा से कुछ मांगने का अवसर मिले, तो परमात्मा से क्या मागोंगे ? परमात्मा के सांनिध्य में परमात्मा के समकक्ष दोनों हाथ जोडकर विनयपूर्वक क्या मागोंगे... ?

यदि ऐसा स्वर्ण अवसर मिले तो परमात्मा के समक्ष मागे...है परमात्मा ! मुझे आपके जैसी आँखे दीजिए... मुझे आपके जैसी दृष्टि दीजिए... जिस दृष्टिकोण से जगत् को देखते है मुझे वैसे ही दृष्टिकोण दीजिए। मुझे अन्य किसी वस्तु की आवश्यकता नहीं... बस....! तेरे समान मैं मुझे देख सकुं और जगत् की वास्तविकता भी समझ सकु ऐसी दृष्टि दे।

जब भगवान जैसी आँखे और दृष्टि मिले और जब जगत की वास्तविकता का परिचय हो जाय तो हमारा देखने का दृष्टिकोण भी बदल जाता है।

रोज की सात हत्या करनेवाला अर्जुनमाली जब सुदर्शन श्रावक के साथ भगवान की धर्मसभा- समवशरण में जाता है तो अर्जुनमाली के समवशरण में बैठे हुए श्रावक भी देखते है और भगवान महावीर भी देखते है, पर दोंनो के देखने का दृष्टिकोण अलग- अलग है।

श्रावक उसे एक हत्यारे के रुप में देखते है जो कि उसका आज-वर्तमान है, भगवान उसमें आनेवाला कल देखते है जो भगवान की शरण में आकर, हाथ में रजोहरण लेकर अर्जुनमुनि बननेवाला है।

भगवान मात्र आज नहीं देखते, भगवान मात्र बिता हुआ कल नहीं देखते, भगवान आनेवाला कल भी देखते है, हम केवल वर्तमान में जीते है, वर्तमान को देखते है इसलिए ही सामनेवालो का आज देखकर या तो प्रशंसा करेंगे या निंदा।

संगम देव ने रात भर में ध्यान मग्न भगवान महावीर को अनेक उपसर्ग दिए फिर भी उसकी मृत्यु पर भगवान ने करुणा के आँसु बहाये।

गोशालक ने अनेक विद्याएं भगवान महावीर की चरण और शरण में रहकर सीखी, फिर उसका उपयोग महावीर के विरुद्ध महावीर पर ही किया, तब भी भगवान ने समदृष्टि रखी।

बाल्यावस्था में ही दीक्षा अंगीकार करनेवाले आतिमुक्त मुनि स्थविर, ज्ञानी वयरक-वृद्ध मुनियों के साथ विचरण करते हुए एक मुसलधार बारिश में बालसुलभ क्रिडा करते हुए पानी से भरे हुए गड्डे में पाल बांधकर अपनी भिक्षा का खाली काष्ठ पात्र नाव समझकर उसमें छोड देते है। तैरते हुए पात्र को देखकर बालएवंता मुनि खुशी से नाचते हुए बोल उठे ''मेरी नाव तीर गई मेरी नाव तीर गई।'' दूसरे मुनियों ने यह देखा और भगवान महावीर के पास पहुँचने पर यह शिकायत कर दी कि, ''बालमुनि ने कच्चे पानी को छु कर साधुव्रत भंग किया है इसे प्रायश्चित दीजिए।'' तब अनार्यामी परमात्मा अपनी सम्यक दृष्टि से देखकर कहते है, ''प्रायश्चित के अधिकारी ये नहीं तुम हो। तुमने निकट समय में कैवल्य ज्ञान प्राप्त करनेवाले मुनि की अशाताना की है। जैसे इनका पल तीरा वैसे यह भी अतिशीध्र भव सागर से तीरनेवाले है। उसलिए प्रायश्चित के अधिकारी यह नहीं आप हो।'' उस प्रसंग में भी भगवान की सम्यक दृष्टि का हमें बोध होता है।

जिन्हें परमात्मा जैसी आँखे मिल जाती है,उनकी आँखो में

परमात्मा जैसा प्रेम और वात्सल्य बहता है फिर उन्हें न कोई अच्छा लगता है न बुरा, न कोई योग्य लगता है न अयोग्य।

परमात्मा केवल आज नहीं देखते... आज के पश्चात अंत और अनंत को देखते है।

जिन्हें अंत देखना आ जाय उनकी आज सुधर जाती है और जिनकी आज सुधर जाती है उनका अंत सुधर जाता है और जिनका अंत सुधर जाता है उनका अनंत सुधर जाता है।

परमात्मा, सतगुरु या संत-सतीजी के दर्शन मात्र से कल्याण नहीं होता। दर्शन करते करते प्रार्थना करते जाये अरजी करते जाये, विनंती करते जाये कि, '' हे भगवान ! हे गुरुदेव ! मैं कब आपके जैसा बनुं ? कब मेरा जीवन आपके जैसा बने ? कब में आपके जैसे दृष्टिकोण से सबको देख सकू ? ''

**''परमात्मा के कदम छूने से मोक्ष नहीं होता,**
**परमात्मा के कदम-कदम पर चलने से मोक्ष होता है।''**

''भगवान को देखनेवालों का, दर्शन करनेवालों का मोक्ष नहीं होता, भगवान के समान-सम्यक् दृष्टि रखनवालों का मोक्ष होता है।''

''भगवान का मुख देखने मात्र से मोक्ष नहीं होता भगवान जैसी प्रसन्नता, सौम्यता जब मुख पर आती है तो मोक्ष होता है।''

भगवान कहते है, जब तक तुझे मेरे समान बनना न आए तब तक तु मेरा कैस कहा जाय? और जो भगवान जैसा न बने वह भगवान कैसे बने ?

हमारी सबसे बडी खामी यह है कि, हमारी सबसे बडी कमजोरी यह है कि, हम सभी महावीर का नाम लेते है, महावीर को मानते है, जैन कहलाते हैं पर हमारा जैनत्व कैसा है ? एक प्रोग्रामींग किए गए रोबोट जैसा...!! जहाँ हाथ और पांव जुडे जाते है, मस्तक झुक जाता है पर हार्ट नहीं जुडता यह कैसी बिना भाव की क्रिया।

जब तक साधना में भाव नहीं जुड़ता तब तक अनुभूति नहीं होती। और जब तक अनुभूति नहीं होती तब तक यह वर्षानुवर्ष तक चलनेवाली प्रक्रिया-परंपरा मात्र बनकर रह जाती है।

इसलिए यदि भगवान जैसी दृष्टि मिल जाय तो हम जो भी धर्म, साधना या क्रिया करे वह भगवान जैसी हो यही भावना होनी चाहिए।

भाव बिना भक्ति संभव ही नहीं। गुस्सा बुरा है इसलिए मुझे गुस्सा करना नहीं और गुस्सा किया तो मेरा नाम, मेरे संबंध खराब हो जाएंगे इसलिए गुस्सा करना नहीं। दोंनो में बहुत बड़ा अंतर है। धर्म करना है पर दूसरों के लिए नहीं, मेरे लिए, मेरी आत्मा के लिए, मेरे आत्मकल्याण के लिए मुझे धर्म करना है।

मुझे किसी की परवाह नहीं, परवाह है तो मात्र मेरे परमात्मा की.... परमात्मा समान मेरे गुरु की...!!

''जिसे परमात्मा की परवाह हो वह कभी दुनिया का नहीं बन सकता और जिसे दुनिया की परवाह हो वह कभी परमात्मा का नहीं बन सकता।

**परमात्मा की शरण में रहेनवालों को दुनिया की शरम नहीं होती और जिसे दुनिया की शरम हो वह परमात्मा की शरण में नहीं ।**

याद रखे,

दुनिया के साथ आपका संबंध मात्र इसी भव का है पर एक बार परमात्मा के बननेवालों का, परमात्मा को पानेवालों क़ा संबंध परमात्मा के साथ भवो भव बन जाता है, तो फिर भवो भव के संबंध निभानेवालो का विचार किया जाय या दुनिया का ?

जो परमात्मा की सुनते है वह दुनिया की सुनते नहीं।

जिनके कान परमात्मा को सुनने के लिए खुल जाते है उनके कान दुनिया को सुनने के लिए बंद हो जाते है।

भगवान के दरबार में जाकर एक ही बिनती करे, हे भगवान! मुझे तुझ से अन्य किसी चीज की अपेक्षा नहीं केवल एक ही अपेक्षा है,''मुझे तेरे जैसी दृष्टि देदे जिससे मेरा दुनिया को देखने का नजरियां बदल जाय।

जो एक बार भगवान की आँखो से दुनिया को देखता है, उसे दुनिया में दूसरा कुछ भी देखने लायक लगता नहीं... सिवाय 'स्व' और 'स्व' की आत्मा के।

महाकवि सुरदास ने भी कृष्ण के मनोहारी रुप को केवल एक बार देखा पश्चात उसके अन्य किसी चीज को देखने का भाव उनके मन में नहीं जागा और न ही उन्होंने कृष्ण के समक्ष दुनिया देखने की बिनति की।

**''जैसी दृष्टि वैसी सृष्टि''**

हमने अपनी आँखो से पूरी दुनिया को भले ही देखा हो, पर अपनी आत्मा को कभी देखा ही नहीं, ना ही अनुभव किया। हम पूरी दुनिया की खबर पूछतें है, पर हमने कभी अपनी आत्मा की खबर ही नहीं पूछी।

जो स्वयं को देखता है, वह पुरी सृष्टि को देखता है, जो पुरी सृष्टि को देखता है वही परमात्मा की अभेद दृष्टि को, सम्यक् ज्ञान को पा सकता है।

हे परमात्मा! हम सबको आपके जैसी दृष्टि मिले यही मंगल भावना !






# ચાલો 'નરકલોકની' મુલાકાતે

**આજનો શોખ અને આજનો ભોગ કરાવે અનંતી વેદનાનો યોગ.!!**

વહેલી સવારનો સમય છે.. હજી કોઈ જાગ્યું પણ નથી..
બારીમાંથી જોયું તો એક ચરકલુંય ફરકતું નો' તું..
હા, આકાશમાં તારલાંઓ ટમટમી રહ્યાં હતાં..

જીવનમાં એવું કદી ધર્મધ્યાન કર્યું નથી, સંસારને સમજવા અને સુખની વાસના પાછળ અઢળક પાપના ઢેર ખડકી નાખ્યા છે. છતાં કોઈ ડર રાખ્યો ન હતો. મદ મસ્ત યુવાની છે, પૈસો-પરિવાર-બુદ્ધિ બધી જ અનુકૂળતાઓ છે. શેનો ડર ?

હજી તો રાત ઘણી બાકી હતી, ફરી પથારી પર લંબાવવાની તૈયારી કરી ત્યાં, તો અચાનક મારી આ બધી વિચારણાની મશ્કરી ઉડાવતું અટ્ટહાસ્ય સંભળાયું....હા....હા.. હા....હા... !

એમને એમ અદ્ધરોઅદ્ધર મને ઉપાડયો અને આંખનાં પલકારે ક્ષણમાં તો મને એક એવા વિચિત્ર સ્થાન ઉપર લાવીને મૂકી દીધો, એ સ્થાન ઉપર ઊભા રહેતાંજ મારાથી એકાએક ચીસ પાડીને બોલાય ગયું...
ઓ બાપ રે........! અ....ર....ર....ર !!!
આ તમે મને કયાં લાવ્યાં છો ?
તમે કોણ છો ?
શા માટે લાવ્યાં છો ?
પેલી લાવનાર વ્યક્તિ જરા કરડાકીથી બોલી,

''દેવાત્મા છું. આ છે કારમા પાપોના ફળ ભોગવવા માટેનો નરકવાસ...!

નરકવાસ ? ? ?

હા, મનુષ્યભવ પામવા છતાંય ધર્મને કોરાણે મૂકી બેપરવાહ થઈને તું જીવન જીવી રહ્યો છે એનું પરિણામ છે આ નરકલોક !

આ નરકલોકનાં દુ:ખ નરી આંખે બતાડવા માટે હું જ તને અહીં લાવ્યો છું

અરે ! પણ આ ઘોર અંધકારમાં....અસહ્ય ગરમીમાં.... માથાફાટ દુર્ગંધમાં....શે ઊભાશે મારાથી ?

કેમ નહીં ઉભાય ? પાપો મજેથી કરે છે તો અહીં પણ મજે થી ઉભ, આ તો હજી તને ફક્ત જોવા માટે લાવ્યો છું...નરક-બરકની ઐસી તૈસી કરવાની તારી ભ્રમણા મગજમાંથી કાઢવા માટે તને લાવ્યો છું, પણ બચ્ચા ! જ્યારે અહીં સાચે જ જન્મીશ ત્યારે કેટલા વીશે સો થાય એ ખબર પડશે ચાલ.... ચુપચાપ ઊભો રહેજે.... હું જાઊં છું. ત્યાં તો નરકવાસમાં સામેથી વિકરાળ આંખો અને જમ જેવા કાયા વાળા પરમાધામી દેવ દોડતા આવ્યા. એને પાણીની ભયંકર તરસ લાગી હતી. ગળું સુકાઇને ઠઠ્ઠ થઇ ગયું હતું. પરમાધામી દેવ પાસે એણે પાણીની માંગણી કરી હતી.

પરમાધામી દેવના હાથમાં ધગધગતા શીશાના રસનો બાટલો હતો. લાય ઉકળતો એ રસ....ધૂમાડા કાઢતો જાણે લાવારસ જોઇ લ્યો. એ બાટલો પેલા નારકીના મોઢામાં મુકી દેવા જ એ પાછળ પડ્યાં હતાં. જોઈને આંખે તમ્મર આવી જાય એવું બિહામણું દ્રશ્ય. અંતે પેલા નારકી જીવને ગળચીથી પકડી, મોંઢુ ફાડી એ ધગધગતો રસ રેડી દીધો જીભ પર. પેલાએ ઘણી કાકલુદી અને આજીજી કરી પણ એ જમડા છોડે ?

નાલાયક ! પાણીની તરસ લાગી છે ને ? પી લે આ શરબત ! **માનવદેહે પહેલા ઘણા શેતાનને ખેલીને અહીં આવ્યો છો.** સામાન્ય ગરમી અને ઉકળાટમાં મનગમતા પાણી ન મળે તો ધાંધલ ધમાલ કરતો... ઘરવાળી સાથે બેફામ બોલતો હતો. તો ચાખી લે એનું ફળ !
બાપોકાર કરતો બાપડો નારકીનો જીવ ત્યાંથી ભાગ્યો.
એને અસહ્ય ભૂખ લાગી હતી.
ફાફા મારતો હતો ખાવા માટે, પણ ખાવાનું હતું નહીં.
ત્યાં વળી પેલા યમદૂત દેવ આવી પહોંચ્યા.

સડેલા-દુર્ગંધ મારતા-જોવાય ન ગમે એવા માંસના લોચા લઇને એણે નારક જીવને મોઢે ધર્યા.
પેલો હેબતાઈને ભાગવા ગયો.
દેવે પકડીને બે બાજુથી બે ભાંઠા લગાવી બેસાડી દીધો.
બદમાસ ! ભાગે છે ક્યાં ?
ભૂખ લાગી છે તો ખાઈ લે આ... ખાવા જ પડશે.

ખબર છે કે ભૂલી ગયો ?...ગયા ભવે મનુષ્યદેહ પામ્યો હતો. જીભડીની વાસના બહુ જોર કરતી હતી. ભાન રાખ્યા વગર જ્યારે ઠીક લાગે ત્યારે અને જે ઠીક લાગે તે ખાધે જ રાખ્યું હતું. અભક્ષ્ય ભક્ષણ...બટાટા-ડુંગળી-લસણ કંદમૂળના અનંત જીવોનો કચ્ચરઘાણ માત્ર એક રસનાના પાપે કેટલાંય કર્યા હતાં ? ધર્મગુરૂઓ કંદમૂળના પાપ સમજાવે ત્યારે ઠેકડી ઉડાડી હતી કે બટાટામાં પાપ ? લે હવે ટેસ્ટ કરવો હોય તો ખાઈ લે આ માંસના લોચા. રાત્રી ભોજનના પાપમાં ય પાછું વળીને જોયું નહીં. કુદરતે બાર કલાક ખાવા માટે આપ્યા હતાં તે પૂરાં નો'તા થતા તે રાત્રે ખાધા કર્યું. આવ્યો છે હાથમાં તો ચાખી લે એના ફળ અને આ હા....હા.....હા..... પરમાધામી દેવે એ નારકી જીવની જીભ સડડાટ...કરતી બહાર ખેંચી લીધી અને ધારદાર છરીથી નિર્દયપણે કાપી નાખી....મારી તો આંખો બંધ થઈ ગઈ અને કંપારી છૂટી ગઈ. મારાથી બોલાઇ ગયું...**જે દુ:ખ, જે યાતના જોઇ પણ નથી શકાતી તો એ જીવ સહન કેવી રીતે કરતો હશે ?**

ત્યાં તો પેલા દેવ ત્યાં આવી ગયા હતા. એ જ બોલ્યા,

બંદા ! એ તો તારેય અહીં નારકી તરીકે સાક્ષાત આવવાનું થશે ને ? ત્યારે ખબર પડશે.

એક બાજુ વિભંગજ્ઞાનથી નારકીનો જીવ બધું જોઇ રહ્યો છે. બીજી બાજુ પેલા રાક્ષસ જેવા નિર્દય દેવો પૂર્વભવના કર્મોને યાદ અપાવતા જાય છે.

એટલે માનસિક અને શારીરિક બંને ત્રાસથી એ ત્રસ્તજીવ આંખે આંસુ વહાવી નિ:સાસા નાખી રહ્યો છે. પણ ક્ષણ માત્ર દુ:ખથી છુટકારો શક્ય નથી. બસ... એકધારી દુ:ખની ઝડીઓ વરસી રહી છે. શું કરે બિચારો ? થોડીવારમાં તો નારકીના જીવે કાળજાળ ગરમીમાં શરીરે ઊઠેલી આગ અને બળતરા માટે ઠંડકની માંગણી કરી ત્યાં તો મારા આશ્ચર્ય વચ્ચે મેં સગી આંખે જોયું તો પરમાધામી દેવ એક સાથે સો-સો વીછ્છુ વિકુર્વી નાંખ્યા-બધાં વિછ્છુઓએ એક સામટા જ પેલાના શરીરે ડંખ દઇ દીધા. રાડ પાડતો ધબાક કરતો નીચે પડયો. પેલા દેવો હસતાં હસતાં આવ્યાં...કેમ છે ભઈલા ?શરીરને બહુ સુકોમળ રાખ્યું'તું ને ? અત્તર અને ચંદનના વિલેપન કર્યા' તા. ઠંડક મળતાં રાજીનો રેડ થઈને મોહનીય કર્મ બાંધ્યા હતાં. મોહનીયનું કામ છે જીવને મુંઝાવવો-નચાવવો. હવે નાચ અહીં કેવી ઠંડક મળે છે ?

વીછ્છુના ડંખની મરણતોલ વેદનાથી રીબાતો સ્નાન કરવાની ઈચ્છા કરે છે ત્યાં એને બે દેવોએ ઉપાડીને વૈતરણી નદીમાં નાખી દીધો. જીવતે જીવતી ચામડી ઉતરડી જાય અને લાલઘૂમ ફોલ્લા ઊપડી આવે એવું એ વૈતરણીનું લ્હાય ઉકળતું પાણી. બિચારો નિરાશ થયેલો જીવ બહાર નીકળવા મથે છે પણ દેવો એને ધક્કો મારી અંદર ડૂબાડે છે. સાલા પાપિષ્ઠ ! પાણીના અસંખ્ય નિર્દોષ ગભરૂ જીવોની બે ફામ હત્યા કરી છે. યાદ કર તારા આગલા ભવને ! બધું શાનમાં સમજી જઈશ. **ન્હાવા-ધોવામાં કલાક કલાક લગાડતો. અભિમાનને પોષવા અને દુનિયાને દેખાડવા ઘરે બાથરૂમમાં ટબ બનાવ્યો'તો. મગરમચ્છની જેમ અંદર પડ્યો રહી ખુશી મનાવતો'તો હવે ભોગવી લે એ ખુશીની અને મજાની સજા.** નળો ખુલ્લા મૂકીને પાણી ઢોળ્યાં...નદી-તળાવમાં કૂદીને આનંદથી સ્નાન કર્યા. બાથમાં ઘણી ગેલ કરી, અળગણા પાણીના બેફામ ઉપયોગ કર્યા. જાણે બધાનો માલિક તું હતો. અફસોસ.... તારા જ પાપે તું અહીં ભરાયો છો તો હવે રડીને ભોગવ કે હસીને... પણ ભોગવ્યા સિવાય તો છૂટકો જ નથી.

અંતે વૈતરણીમાંથી માંડ માંડ છૂટીને ભાગ્યો અસિપત્ર વનમાં, મનમાં થયું લાવ ત્યાં નિરાંતે બેસું અને ઠંડી હવા ખાઉં ત્યાં તો વોય મા.....વોય મા..... કરતાં ત્યાંથીય ભાગવું પડ્યું. દાળિયા-ચણા ભુંજાઇ જાય એવી ગરમાગરમ હવાએ ચામડી બાળી નાખી.

અને ગરદન ઉપર તો ધડાધડ વૃક્ષનાં પાંદડા પડયા. પાંદડા કેવા ? અસિ-તલવારની ધાર જેવા. ગરદન કાપી નાખી. દેવોએ ટાંટીયા પકડી ને ખેંચીને ત્યા ંજ બેસાડયા. અલ્યા એય...! જાય છે ક્યાં ? એરકન્ડીસન ઓફીસો અને રૂમોની સગવડો બહુ ગલગલીયા કરાવતી હતી નહીં ? પંખાની હવા ખાઈ ખાઈને હાશકારા બોલાવ્યા હતા., લાઈટ ન હોય ત્યારો ગાળોના વરસાદ વરસાવ્યાં હતાં. મનમાં ઘણી બળતરાઓ કરી હતી. હવે જોઈ લે અહીંની હવા કેવી માફક આવે છે.

બસ....સર્વત્ર દુ:ખ ને દુ:ખ, હાય વોય અને ચીસ બરાડા કિકીયારી સિવાય કાંઈ જ નથી. કલ્પના નથી કરી શકાતી કે જીવ પાપો બાંધે એના આટલા કઠોર ફળ હશે ? પણ સાક્ષાત જોઈ રહ્યો છું. માન્યા સિવાય ચાલે તેમ નથી.

ક્રમશઃ

**- સાભાર : જીંદગીનું ઝવેરાત.**





# ત્રીજી પુણ્યતિથી

## ધર્મવત્સલા અનસુયાબેન નટવરલાલ શેઠ

જન્મ : તા. ૦૯/૦૩/૧૯૪૫
સ્વર્ગવાસ : તા. ૦૪/૦૯/૨૦૧૦

આપના જીવનની સુમધુર સુવાસ,
પ્રેમાળ હૃદય તથા પરોપકારી સ્વભાવને
અમો કદી નહીં ભૂલીએ.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

ૐ શાંતી ૐ શાંતી ૐ શાંતી

**ધર્મવત્સલ શ્રી નટવરલાલ હરજીવન શેઠ**
**જયેશ - કાજલ અજય - કોમલ**
**ભાવેશ - કાશ્મીરા નીલેશ - જીજ્ઞા**
**અલ્કા-નીલેશકુમાર**
**દિશા, દર્શિત, નિસર્ગ, કરન, અમેય, કૃણાલ, જીત, જયનીલ**
**તથા**
**શેઠ પરિવારના જય જિનેન્દ્ર**

**ANS Pvt. Ltd.** RAJKOT
"ARHAM" Financial Center, Panchnath Temple Road, Harihar Chowk, Rajkot-360 001.
207 Business Park, Tilak Road, Opp Food Spot, Ghatkopar- (E), Mumbai- 400 077.

# એક પ્રયાસ... મનુષ્યને માનવી બનાવવાનો!

સંત અને સરિતા. પરોપકાર કરવામાં બેઉ સરખાં. એમની પાસે ન કોઈ નાના, ન કોઈ મોટા. કોઈપણ પ્રકારનાં ભેદ રાખ્યાં વગર પોતાનાં શરણે આવેલાં દરેકને એ કંઈક ને કંઈક આપતાં જ હોય છે અને આ જ વાતની સાક્ષી પૂરેછે તાજેતરમાં જ પારસધામમાં યોજાયેલું કર્મચારી વર્ગ માટેનું સેશન.

જીવમાત્રનાં આત્મમિહતનાં ચાહક, કરૂણાનિધાન રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.એ લાકોનાં ઘરોમાં કામ કરીને જીવન નિર્વાહ કરતાં કર્મચારી વર્ગ માટે તા. ૩૧ ઑગસ્ટ, શનિવારે ખાસ પ્રવચનનું આયોજન કર્યું હતું. પૂ. ગુરુદેવનું કહેવું છે, અનિશ્ચિત આ જગતમાં કંઈ જ નિશ્ચિત નથી. આજે પાપ આચરનારો આવતીકાલે સંત પણ બની શકે છે. આજનો અણસમજુ આવતીકાલે સમજાવનાર પણ બની શકે છે. **જીવતાં જીવની આડેધડ કતલ કરીને માંસાહાર કરનારા, દારૂ આદિ વ્યસનોમાં જીવનની બરબાદી નોતરનારા દરેકે દરેક લોકો માંસાહાર છોડીને શાકાહાર અને વ્યસનમુક્ત જીવન અપનાવે એવા હેતપૂર્ણ અને શુભ લક્ષ્ય સાથે પૂજ્ય ગુરુદેવે અજ્ઞાન અને પાપની આ દુનિયામાં દુ:ખી જીવન જીવી રહેલાં જ્ઞાતિનાં મહારાષ્ટ્રીયન, ઉડિયા તેમજ ભૈયા આદિ કર્મચારી વર્ગને હિતશિક્ષા આપીને નિષ્પાપ અને સુખ શાંતિભર્યું જીવન જીવવાનો બોધ આપતાં સમજાવ્યું હતું કે, જે પરસેવો વહાવીને, મહેનત કરીને કમાય છે તે ભગવાનનાં બાળક હોય છે અને જે નગર મહેનતે બેઠાં બેઠાં અણહક્કનું ખાય છે, તે શેતાનનું બાળક હોય છે.**

શ્રીમંત અને ગરીબ વચ્ચેનો ભેદ મિટાવવા પૂ. ગુરુદેવે એમને જીવનમાં છોડવા જેવી પાંચ બાબતોને સમજાવતાં કહ્યું હતું કે, જે વગર કારણે કોઈને મારતાં નથી, પણ બીજાંની સહાય કરે છે, જે જૂઠ્ઠું નથી બોલતાં પણ હંમેશાં સત્ય બોલે છે, જે ક્યારેય ચોરી નથી કરતાં અને જે જરૂરતથી વધારે ભેગું નથી કરતાં એવાં લોકો જ ભવિષ્યમાં સુખી થાય છે. જે બીજાને તકલીફ આપે, તેની તકદીરમાં તકલીફ લખાઈ જતી હોય છે. બીજાંનો વિશ્વાસ તોડવાવાળાંનો શ્વાસ તૂટી જતો હોય છે. કોઈને દુ:ખ દેવું તે રાક્ષસનું જીવન હોઈ શકે, મનુષ્યનું નહીં.

પૂજ્ય ગુરુદેવનાં શ્રીમુખેથી બોધ પામીને અંદાજિત ૮૫૦ થી પણ વધારે સંખ્યામાં ઉપસ્થિત કર્મચારીઓ એકદમ ભાવવિભોર બની ગયાં હતાં અને મોટાંભાગનાંની આંખો ભીની થઈ ગઈ હતી. જતાં સમયે મોટાંભાગનાંએ નૉનવેજ ન ખાવાનો સંકલ્પ લઈ પોતાનાં જીવનને પરિવર્તનની દિશામાં લઈ જવાંનો નિર્ણય કર્યો હતો. આવનારાં દરેકનાં ચહેરાં પર પૂ. ગુરુદેવ પ્રત્યે અત્યંત અહોભાવ અને ઉપકારભાવ દર્શાઈ રહ્યાં હતાં. પ્રવચનની સમાપ્તિ બાદ દરેકને પ્રભાવના આપવામાં આવી હતી.



## પારસધામ – ઘાટકોપર
## ''શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ - પારસધામ''
## સ્થાપિત થતાં સર્વ સંઘો અને સમુદાય દ્વારા હર્ષ વધામણાં

ભગવાન મહાવીરે સાધના તો સ્વયેં એકલા જ કરી હતી પણ પછી સર્વ હિતને લક્ષમાં રાખી, એ સાધના તત્વ દ્વારા ચતુર્વિધ સંઘની સ્થાપના કરી હતી.

પારસધામ - ઘાટકોપર, '' શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ-પારસધામ'' સ્થાપિત થતાં ઉપસ્થિત સર્વ સંઘો, સંઘ પ્રતિનિધીઓ, સંત-સતીજીઓ તથા સમુદાયે હર્ષનાદ સાથે વધામણા કર્યા હતાં. આ શુભ અવસરે પ્રેરણાદાતા રાષ્ટ્ર સંત પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબે સંઘનું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું હતું કે, એકબીજાનાં સાથ, સહકાર અને પ્રેરણાના કારણે જે આંતરિક સત્વ ખીલે તેને સંઘ ધર્મ કહેવાય છે. સમાજ ઉત્કર્ષ અને રાષ્ટ્ર લક્ષી સત્કાર્યોને મંઝિલ સુધી લઈ જવા, પ્રગતિનાં શિખરે લઈ જવા આંતરિક સત્વ અને આંતરિક શક્તિ આવશ્યક અને અનિવાર્ય હોય છે. સંઘ એટલે સમૂહ અને સમૂહમાં જયારે સત્કાર્યો થાય ત્યારે નવા વિચારો, નવી પ્રેરણા અને સામૂહિક શક્તિના કારણે એ સત્કાર્યોને નવી ઊંચાઈ મળે છે.



**સંઘ એટલે ઇંટ અને સિમેન્ટથી તૈયાર થયેલ બિલ્ડીંગ નથી, પણ સાધુ- સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓની ભાવના અને વિચારોની નીવ પર તૈયાર થયેલ આંતરિક સત્વ છે.** ઘાટકોપરના દરેક શ્રી સંઘોનાં સંઘપ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં તેમજ વિધાનસભ્ય શ્રી પ્રકાશભાઈ મહેતા, શ્રી અનિલભાઈ ભાયાણી, શ્રી પરાગભાઈ શાહ, શ્રી નવીનભાઈ મડિયા, શ્રી સુમતિભાઈ શાહ, શ્રી જેઠાભાઈ મોરબીયા, શ્રી સી.ડી. મહેતા, શ્રી ગુણવંતભાઈ બરવાળીયા, શ્રી અનિલભાઈ સુતરીયા, શ્રી અનિલભાઈ બીલખીયા, શ્રી ચંદ્રકાંતભાઈ અજમેરા, શ્રી મુકેશભાઈ દોશી, શ્રી નિતીનભાઈ સંઘવી, શ્રી અશ્વિનભાઈ તેજાણી, શ્રી યોગેશભાઈ બાવીસી, શ્રી અશોકભાઈ ઠોસાણી, શ્રી ચીમનભાઈ વોરા, શ્રી કિરીટભાઈ મહેતા, હસમુખભાઈ અજમેરા આદિ અનેક મહાનુભાવોના હસ્તે પારસધામ સંઘ સ્થાપનાનાં આ અવસરે શ્રી ગુણવંતભાઈ બરવાળીયા, પારસધામ સંઘપતિ શ્રી રમેશભાઈ મોરબીયા તેમજ શ્રી પ્રકાશભાઈ મહેતાએ પોતાના ભાવોને વ્યક્ત કર્યા હતાં.

# ભવનાટ્ય



*The World is a stage and we are the actors in this drama called Life!*
*So why get attached in this temporary attraction,*
*when our true happiness lies in an eternal ambition..?"*

ગોડિયા બજારમાં રમી રહ્યા હતા. રમતનો ઢોલ જોર જોરથી ઢીબાઈ રહ્યો હતો-

ધ્રિબાંગ, ધડિબામ,ધ્રિબાંગ, ધડિબામ !

ચૈત્રનો અકળામણો દિવસ આથમતો હતો. દક્ષિણના વાયુની શાંત લહેરોનો આસ્વાદ માણતું લોકવૃંદ, ઈલાવર્ધન નગરના ચોકમાં થોડેથોક એકઠું થઈ રહ્યું હતું. નટ લોકોએ ખેલ ભારે ચગાવ્યો હતો. વાંસની બે ઉંચી ઘોડી સાથે બાંધેલા દોર પર એક નમણો નટ ભારે કરામત દેખાડી રહ્યો હતો.

ઢોલ વધુ ને વધુ જોરથી ઢિબાઈ રહ્યો હતો ધ્રિબાંગ, ધડિબામ,ધ્રિબાંગ, ધડિબામ !

વાહ રે નટવા વાહ ! યોગી અંતરનો દોર ચુકે તો તું રમતનો દોર ચુકે ! નિશ્ચલ પૃથ્વી પર ઈલાવર્ધન નગરની કોઈ પણ નૃત્યરાણી જે કલાનૃત્ય ન દાખવી શકે, એ તું આ ચંચળ દોર પર ઉંધે મસ્તકે, કદી એક પગે, કદી એક હાથે, આખા શરીરને તોળીને નૃત્યની બહાર દાખવી રહ્યો છે ! પાતળાશા દોર પર તું દોડે છે, કૂદે છે, ઊછળે છે, છલાંગો દે છે, પાટાબાજી ખેલે છે ! તારા અંગ-પ્રત્યંગ ઊછળી ઊછળીને નીચે વાગતા પટહની સાથે કેવાં તાલમેળ રચી રહ્યાં છે !

પટહ વગાડતી નટવી પણ ભારે જીવરી છે. એય જાણે નટવાની પરીક્ષા લેતી ન હોય એમ, અવળા-સવળા તાલ આપી રહી છે ! એના હેમની દીવી જેવા,કંકણોના મૃદુ રવથી રણકતા હાથ જ્યારે પટહ પર ડાંડીનો ઘા કરે છે ત્યારે એ પ્રેક્ષકોનાં હૈયાં પર પણ અસર જમાવે છે. જોરજોરથી પટહવાદનને લીધે વિકસતું વક્ષસ્થળ લાલ રંગની કંચુકીની કસોના બંધને તૂટું તૂટું કરી નાખે છે, ત્યારે પ્રેક્ષકોના દિલના બંધ પણ કડાકા મારતા લાગે છે. પટહ વગાડવાના પરિશ્રમથી એની ભારે વેણીમાંથી અનેક અલકલટો ઊડી રહી છે, ને સેંથીનું સિંદુર કપાળને રંગી રહ્યું છે. પ્રસ્વેદનાં બિંદુએ જાણે મોતીની માળાની માયા રચી છે.

શું નટ-નટડીની જોડ મળી છે ! નટ પણ ભારે નમણો છે. લીંબુની ફાડ જેવાં એનાં નયન અને સુકોમળ સુદીર્ઘ બાહુ ! કેડનો સુંદર લાંક ને ડોકનો સુરેખ વાંક ! નટકુળમાં નટડી તો રૂપાળી હોય-એમાય આ તો નટસમૂહોના સ્વામી લંખિકારની પુત્રી લેખા, એટલે એના સૌંદર્યનું પૂછવું શું ! પણ કુદરતનાં તાપતડાકા, ભૂખ-દુ:ખ વેઠતા નટોમાં આવો સુંદર ને સુવર્ણો નટ ન હોય ! એના આખા દેહ પર કેવું લાવણ્ય દમકી રહ્યું છે ! નટડીની દેહશ્રી પરથી ખસેલી આંખ આ રૂપસુંદર નર પર ઠરી જાય છે ! રાજકુમારીઓ ને નૃત્યરાણીઓ તો એના પર વારી જાય છે ! અનેક અભિસારિકાઓ આવા નરને વરી જીવન ધન્ય કરવા એને ગુપ્ત સંદેશા કહાવે છે. પણ એ કહે છે : 'મારી સુરતા લાગી ગઈ છે. હવે અન્ય કંઈ મને ગમતું નથી !'

'નક્કી કોઈ ખાનદાનનું ફરજંદ હશે,' એક પ્રેક્ષકે કહ્યું.

'ખાનદાનના ફરજંદને તે વળી આવી નટવિદ્યા આવડતી હશે ?' બીજા પ્રક્ષકે શંકા ઉઠાવી.

'અરે, દિલને વીંધીને ચાળણી જેવું કરી મૂકે એવી રૂપના ઝરણ જેવી આ નટડી જોઈ ? હું તો માનું છું કે એની લાલચે ઘરબાર છોડીને નીકળેલો કોઈ રાજકુમાર કે શ્રેષ્ઠીપુત્ર હશે ! સ્ત્રીની મોહિની ઝેરના પીનારા ને સ્મશાનમાં રહેનારા નીલકંઠ શંકરનેય નચાવે, તો માણસની શી વિસાત ! એ તો ન મળ્યા સુધીનું માહાત્મ્ય !' એક ડાહ્યા પ્રેક્ષકે વાતને ચર્ચા કારની દૃષ્ટિ ચર્ચી.

રમતનો રંગ બરાબર જામ્યો હતો. દોર હિલોળાઈ રહ્યો હતો. સાથે નટવાનો દેહ પણ-જાણે હાડમાંસ વિનાનો હોય તેમ- હીંચકાં ખાઈ રહ્યો હતો. નટવીનું પટહવાદન ભારે જોરમાં હતું. નટવાએ એ જોરમાં દેહને નિરાધાર આકાશમાં ફંગોળી દડાની જેમ ઊંચે ઉચાળ્યો,પણ ત્યાં તો પટહ

તદ્દન બંધ કરીને નટવી થંભી ગઈ ! પટહના જોર પર કુદેલો નટ, પટહ બંધ થતાં, પાંખ કપાયેલા પંખીની જેમ ગુલાંટો પર ગુલાંટો ખાતો, ઊંધે મસ્તકે જમીન તરફ આવવા લાગ્યો. ગજબ કર્યો આ નટડીએ ! નટવો બિચારો જીવનો ગયો સમજો ! પ્રેક્ષકોનો જીવ જાણે તાળવે આવી રહ્યો.

જનસમૂહ હાહાકાર કરી ઊઠયો, અરે આ નટવીએ તો ભારે કરી.નટવો જરૂર દોર ચૂક્યો. હમણાં એના હાડકાં-પાંસડા તૂટી ગયાં સમજો ! નટડી ભારે કઠોર લાગે છે. આમ તે રંગમાં ભંગ પડાતો હશે !

બીજા પ્રેક્ષકે કહ્યું: 'આ નટવાનું એણે ઠંડા પાણીએ કાસળ કાઢયું. પોતાના રૂપથી પાગલ બનાવી, પાછળ પાછળ ફેરવી આ છપ્પરપગી આમ જ અનેકોનાં કાસળ કાઢે છે.' વાતમાં કલ્પનાએ રંગ જમાવ્યો.

'આવી રમણીઓની રીત જ ન્યારી હોય છે. એ તો રાત જુદી એમ રસિયા જુદા. કેરી ચુસાઈ ગઈ, એટલે ગોટલો ફેંકાઈ ગયો. રાજાને જેમ દર રાતે નવી રાણી એમ આને...' લોક તો પોતાના ગજથી દુનિયાને માપવા ટેવાયેલું હતું. પણ એટલામાં તેમણે પેલા ગુંલાટ ખાતા નટવાને નીચે આવીને ઠેકડો મારીને ઊભો થતો જોયો, ને તેમના હૈયાં અચરજ અનુભવી રહ્યાં. વાહ રે મર્દ ! ભારે બચી ગયો મોતના મોંમાંથી આજે તું ! સહુ મુખથી વાહવાહ કરી રહ્યાં ને સોનારૂપાનો વરસાદ વરસાવી રહ્યાં.

નટ સ્વસ્થપણે ઊભો રહી, બે હાથ ઊંચા કરીને અને માથું નમાવીને સહુના ધન્યવાદ ઝીલી રહ્યો. ઝણકાર કરતી ઠમકતી ઠમકતી નટવી પાસે આવી, અને નટે ખેલ વખતે માથે બાંધેલા રંગીન રૂમાલ છોડવા લાગી. રૂમાલ છોડીને એનાથી નટનાં મુખ પરનો, પીઠ પરનો- પ્રસ્વેદ લૂંછવા લાગી. સિંહની કેશવાળી જેવાં પોતાના ઝુલ્ફાં ઉછાળવા નટે પ્રેક્ષકો તરફ જરા આંખ મિચકારીને કહ્યું:'મહાશયો, નટવી ભારે કઠોર છે !'

આ સાથે લોકવૃંદમાંથી અનેક પ્રકારના આક્ષેપો ઊઠવા લાગ્યા. નટને ધન્યવચન ને નટડીને ઉપાલંભના પ્રહારો થવા લાગ્યા. કોઈ નટને ઉપદેશ આપતું હોય તેમ કહેવા લાગ્યું: 'અલ્યા નઠોર, ઝટ ઘરભેળો થઈ જા. સ્ત્રી કોઈની થઈ છે કે તારી થશે ? આ નટડી નથી-રૂપાળી નાગણ છે.'

આ વેળા નટોના સ્વામી લંખીકાર નટે આગળ આવી સહુને અભિવાદન કરતાં કહ્યું:' પ્રેક્ષક મહાનુભાવો, નટવી કઠોર નથી, નટવો નઠોર નથી. અને અકસ્માત પણ બન્યો નથી. આપનાં મન-ચિત્તને ખેંચવા માટે યોજેલો અમારી રમતનો એક પ્રકાર માત્ર છે. નટરાજ ઈલાચી તો અમારા દેહના પ્રાણને હણે એવો કોઈ મૂર્ખો તમે સંસારમાં જોયો છે ! આ તો બધી રમત ! રમત ને રમત !'

નટરાજ લંખીકારના છેલ્લા શબ્દોને પેલી રઢીયાળી નટડીને પટહ પર જોરથી બે ડાંડીના ઘા કરીને અનુમોદન આપ્યું. નટરાજ ઈલાચીએ નટડીનું નીલાંબર ઉત્તરીય ખેંચી લઈને પોતાની કેડે બાંધતા નમસ્કાર કર્યા. પ્રેક્ષકોએ ફરી વાર સુવર્ણ-રૌપ્યનો વરસાદ વરસાવ્યો. નટડીનો ફૂલગજરા ગુંથ્યો ભરાવદાર અંબોડો પ્રેક્ષકોનાં દિલ વશ કરી રહ્યો. નટસમુહે પોતાની લીલા સંકેલી લીધી.

**- સાભાર : વીરધર્મની વાર્તા.**


## સ્પર્ધા પોતાની સાથે કરો... જ્યાં બીજાને હરાવવાના નહીં... પોતાને આગળ વધારવાના ભાવ હોય..!!

*With Best Compliments from :*

ENGSER THECHNOLOGIES LIMITED
HANSRAJ EXIM & CONSULTANCY PVT. LTD.

**DEALS IN**
**SALES / PURCHASE OF ALL TYPES OF IMPORT LICENCES**
**LIASION WITH JDGFT - KOLKATA, DGFT - NEW DELHI**

**Regd Office**
5, Amartolla Lane, 2nd Floor, Kolkata-700 001
Phone : +91 33 2234 3109 / 2215 6200 • Fax : +91 33 3008 9228 • E-mail : hansrajexim@vsnl.com

**Corporate Office**
12A, Ganga Prasad Mukherjee Road, Suit No.1B, 1st floor, Kolkata-700 025
Phone : +91 33 3008 9234 / 35 • Fax : + 91 33 2486 8904 • E-mail : etisheth@vsnl.com



## નિત્ય કરીએ પરમાત્માની ભક્તિ
## પ્રગટાવીએ આત્માની અનંત શક્તિ

# પ્રાતઃસ્મરણ

- શ્રી પંચ સૂત્રમ્

णमो वीयरागाणं, सव्वाण्णूणं,

**નમસ્કાર હો! રાગ દ્વેષથી રહિત, સર્વજ્ઞ,**

देविंदपूइआणं,

**દેવેન્દ્રોથી પૂજાયેલા**

जहट्ठिअवत्थुवाइणं,

**સત્યવસ્તુના પ્રરૂપક**

तेलुक्कगुरुणं

**ત્રણ લોકના ગુરુ**

अरहंताणं भगवंताणं

**અરિહંત ભગવંતોને.**

तहा पहीणजरामरणा, अवेयकम्मकलंका

**તથા જરા-મરણથી રહિત કર્મરુપી કલંકથી રહિત**

पणट्ठवाबाहा, केवलनाणदंसणा,

**સર્વ પીડાઓથી રહિત, સર્વજ્ઞ,સર્વદર્શી**

सिद्धिपुरनिवासी, निरुवमसुहसंगया

**મુક્તિનગરમાં રહેલા, અનુપમ સુખને પામેલા**

सव्वहा कयकिच्चा

**સર્વથા કૃતાર્થ થયેલા**

सिद्धा सरणं

**સિદ્ધભગવંતોનું મને શરણ હો.**

तहा पसंतगंभीरासया,
તથાઃ પ્રશાંત અને ગંભીર સ્વભાવવાળા
सावज्जजो गविरया पंचविहायारजाणगा,
પાપયુક્ત પ્રવૃત્તિથી વિરામ પામેલા,
પાંચ આચારને જાણનારા
परोवयारनिरया, पऊमाइनिदंसणा,
પરોપકાર કરવામાં તત્પર, પદ્મ-કમળ
વગરેની ઉપમાવાળા (નિર્લેપ)
झाणज्झयणसंगया,
ધ્યાન અને સ્વાધ્યાયમાં લીન,
विसुज्झमाणभावा साहू सरणं
વિશુદ્ધ થતા ભાવવાળા સાધુ
ભગવંતોનું મને શરણ હો.

तहा सुरासुरमणुअपूइओ, मोहतिमिरंसुमाली,
તથાઃ સુર, અસુર અને મનુષ્યોથી પૂજાયેલ,
મોહરૂપ અંધકારનો નાશ કરવામાં સૂર્ય સમાન,
रागदोसविसपरमंतो, हेऊ सयलकल्लाणाणं,
રાગ-દ્વેષરૂપી વિષનો નાશ કરવામાં ઉત્કૃષ્ટ
મંત્ર સમાન, સમગ્ર કલ્યાણનું કારણ,
कम्मवणविहावसू
કર્મરૂપ વનને બાળવામાં અગ્નિસમાન,
साहगो सिद्धभावस्स, केवलिपण्णत्तो धम्मो,
સિદ્ધપણાની પ્રાપ્તિ કરાવનાર,
કેવલી ભગવંતે પ્રરુપેલા
जावज्जीवं मे भगवं सरणं
ધર્મનું મને યાવજ્જીવ શરણ હો.

एत्थ वा जम्मे, जम्मंतरेसु वा,
આ જન્મમાં અથવા બીજા જન્મમાં
गरहिअमेअं दुक्कडमेअं,
આ ગર્હા- નિંદા કરવા લાયક છે, આ દુષ્કૃત
उज्झिअव्वमेअं, विआणिअं मए
અધર્મ રૂપ છે, ત્યાજ્ય છે, એમ મેં
कल्लाणमित्तगुरुभगवंतवयणाओ,
કલ્યાણ મિત્ર ગુરુ ભગવંતોના
વચનથી જાણ્યું છે,
एवमेअं ति रोइअं सद्धाए,
તેથી આ એમ જ છે એમ
શ્રદ્ધાથી મને રુચ્યું છે.

होउ मे एसा सम्मं गरहा
મારી દુષ્કૃત ગર્હા સમ્યક્ પ્રકારે
એટલે કે ભાવથી થાઓ
होइ मे अकरणनियमो
ફરી તેવું પાપ નહીં કરવાનો મારે નિયમ હો.
बहुमयं ममेअं ति, इच्छामि अणुसट्ठिं,
આ બન્ને બાબત મને બહુ ઇષ્ટ છે.
अरहंताणं भगवंताणं
આથી હું અરિહંત ભગવંતોની તથા
गुरुणं कल्लाणमित्ताणं ति
કલ્યાણ-મિત્ર ગુરુઓની
હિતશિક્ષાને ઇચ્છું છું.

KALYAN MITRA

# Have you cleared your inbox ??

No event or situation can disturb a person who has attained freedom from his past memories. To be a Mahavira let us learn to delete the past memories just like HIM.



What does independence signify? It means that you are the master of your own will, you are self-sufficient!

Practically speaking, the remote control of all our emotions like joy, distress, anger, grief, calmness is operated by our surrounding people or situations.

Are you truly independent or are you a free bird soaring great heights or a captivated prisoner?

Since the control of our happiness, depression and grief lies in the hands of others, memories of these emotional conditions are imprinted in the mind and heart. These impressions, also known as 'Sanskar', are very strong and hence difficult to change. Once we pass a judgement or opinion in our mind about someone or something, we are bound by our own opinions. Even though the person may change, our opinion does not change. These impressions surface time and again, and this itself is the cause of our joy and sorrow. Past impressions are responsible for our beliefs as well.

However, what we need to understand is that past events will not necessarily replay in the present and future.

**"Every situation undergoes transformation from time to time. Nothing, except change, remains constant !."**

Example: A tall tower can be constructed in the same place where there was once a hut. If the walls of a building can be modified, why can't the mind and heart of a person change?

The one who was a sinner yesterday can become a saint today and the one who is virtuous today can also undergo a transformation tomorrow!

Therefore it is very important to keep the inbox of our memories clean and clear. The mind is a storehouse of memories of the past and the present. These engraved memories are strongly responsible for the negativity which breeds within us. True independence is the one where we become free from our thoughts, from these memories which are imprinted on our soul, from our Sanskar! It is very essential to delete these impressions which block the inflow of positivity and happiness in us.

Example: When a valuable item is missing from our house, there are times when we doubt the honesty of our domestic helpers. Even though they may have remained faithful all their lives and the item would have got misplaced genuinely, yet, our mind jumps to a conclusion which may not necessarily be true.

Why does this happen? Why do our past memories haunt us time and again? This is because we have not freed our soul from them. We have fed them and preserved them in our memories very safely. These memories thus intrude our peace and calm. The day we delete our memories, we will become independent in the true sense!

**"Freedom from these past memories is true independence !"**

What did Lord Mahavira do when he renounced the world? He went into deep meditation which extended over a period of twelve and half years. During this period, Mahavira shut his

eyes to the external world, thus blocking all the incoming events. He knew that being connected to worldly affairs would create a larger stock of memories and beliefs which would act as a hindrance in His inner journey of Self Discovery. In this manner he took charge of his senses and kept them under control. Thereafter, he disconnected himself from the worldly life and began deleting the past memories that lay within him. It was just not deleting memories of this birth; but memories of the past 900 births which remained dormant within. No event or situation can disturb a person who has attained freedom from his past memories. By deleting the past inscriptions you will be able to fill it with new and positive impressions, which in turn will make your life worthy and peaceful. Storage of unpleasant memories gives rise to problems and misery. To be a Mahavira let us learn to delete the past memories just like HIM.

How can we do this? We can delete memories by asking for forgiveness.

Why should one asking for forgiveness?

"The key to delete memories is asking for forgiveness."

The saved memories remain with you even after death. They are carried forward to the next birth. You can break the chain of memories by the practice of meditation and observing other spiritual austerities. All spiritual austerities help you disconnect from worldly affairs, by deleting the past memories and take you to your inner self. This is a soul purification process. Soul purification of the soul is the way to liberation!

*With Best Compliments From*

**Matushree Lalitaben Popatlal Shah &**
**Shree Harshaben Bhupendrabhai Modi (USA)**



# સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા. ની ૧૧૫મી જન્મજયંતિએ પારસધામમાં ભાવભરી ગુણાંજલિ



ગોંડલ સંપ્રદાયનાં સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા. ની ૧૧૫મી જન્મજયંતિએ રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા., પૂ. શ્રી પિયુષમુનિ મ.સા. તેમજ મહાપ્રજ્ઞા પૂ. શ્રી વીરમતીબાઈ મ. આદિ ઠાણા-૯ નાં સાંનિધ્યે પારસધામમાં અનેક ભાવિકોની ઉપસ્થિતિમાં એમની ગુણસ્મૃતિ કરી ગુણાંજલિ આપવામાં આવી હતી. જેને સાંભળીને ભાવિકો અત્યંત ભાવવિભોર બની ગયાં હતાં અને દરેકની આંખોમાં ગુરુપ્રાણ પ્રત્યે અહોભાવની અનુભૂતિ દર્શાઈ રહી હતી.

આ અવસરે મહાપ્રજ્ઞા પૂ. શ્રી વીરમતીબાઈ સ્વામીએ પણ ગુરુપ્રાણલાલજી મ.સા. નું જીવનદર્શન વ્યક્ત કરી એમને ગુણસ્મૃતિ અર્પણ કરી હતી. સાથે જ, ''સૌરાષ્ટ્ર કેસરી ગુરુપ્રાણની ગર્જના'' ગ્રંથનું વિમોચન શ્રી પ્રવીણભાઈ પારેખ, શ્રી નટુભાઈ શેઠ (વિસાવદર), શ્રી નવીનભાઈ દેસાઈ, શ્રી જુગલભાઈ દોશી, શ્રી રમણીકભાઈ પારેખ, શ્રી ધીરૂભાઈ તેજાણી, શ્રી જયંતિભાઈ મેઘાણી આદિના હસ્તે કરવામાં આવ્યું હતું. આ અવસર નિમિત્તે પારસધામમાં સવારનાં ૫ થી ૭ દરમ્યાન રાયસી પ્રતિક્રમણ તેમજ મહાપ્રભાવક શ્રી ભક્તામર મહાસ્તોત્રની આરાધના ભાવિકોને કરાવવામાં આવી હતી.

# પૂજ્યવરા મંગલમૂર્તિ પૂ. મુક્તાબાઈ મ.ની છઠ્ઠી પુણ્યસ્મૃતિ તથા વિરલપ્રજ્ઞા પૂ. વીરમતિબાઈ મ.નો ૬૯મો જન્મદિવસ તપત્યાગથી અને ભક્તિભાવથી ઉજવાયો.



યુગ દિવાકર પૂ.ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ ઠા-૨ તથા વિરલપ્રજ્ઞા પૂ. શ્રી વીરમતિબાઈ મ. ઠા.૯ ના સાંનિધ્યે મંગલમૂર્તિ પૂજ્યવરા શ્રી મુક્તાબાઈ મ.ની છઠ્ઠી પુણ્યસ્મૃતિ ચતુ:શરણ તપના આયોજન દ્વારા ઉજવાઇ હતી.

પૂ. શ્રી વીરમતિબાઈ મ.નો જન્મદિન પંદર ઓગસ્ટનો સ્વાતંત્ર્ય દિન ભક્તિદિવસ તરીકે ઉજવાયો. કુ. પ્રાચીના ગુરુભક્તિ ગાનમાં સહુ તલ્લીન બની ગયા હતા. રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબે પૂ. વીરમતિબાઈના નિર્ભયતા, હિંમત, સત્યતેજ તથા ખુમારી જેવા વિચક્ષણ ગુણોને પ્રગટ કરી સ્વયંના વૈરાગ્યના પ્રેરક તરીકે આભારના ભાવો સહ પૂ.વીરમતિબાઈ મ.ના સ્વાસ્થયની મંગલ કામના કરી હતી. તેમજ ડૉ. શ્રી. ડોલરબાઈ મ.એ ગુરુકુળના ગૌરવ સમા,વૈયાવચ્ચ પ્રેમી પૂ.વીરમતિબાઈ મ. પ્રતિ શુભભાવના પ્રગટ કરી તેમજ શ્રી દિનેશભાઈ મહેતા (નાગપુર), શ્રી અશોકભાઈ ઠોસાણી તથા કુ. પ્રિયલ દોમડીયાએ મહાસતીજીને શુભેચ્છાના પુષ્પો અર્પણ કર્યા. અંતમાં પૂ.વીરમતિબાઈ મ.એ સહુની સદ્ભાવનાનો ગદ્ગદિત હૃદયે સ્વીકાર કરી 'સંયમીઓની સેવા તે અમારી સાધર્મિક ભક્તિ છે' એમ કહી ગુરુ ભગવંતોની તથા સહવર્તી સાધ્વીવૃંદની ગુણગ્રાહી દ્રષ્ટિને ઉજાગર કરી હતી.

આ બંને પ્રસંગના ઉપલક્ષે તા.૧૬-૮-૧૩ને શુક્રવારે સમસ્ત ઘાટકોપરના મહિલા મંડળના બહેનોની 'શૉકેશ થી સ્વ તરફ' એક ક્વીઝનું અનોખું આયોજન થયું હતું. તેમા બહેનોએ શ્રી ઉપાસકદશાંગ સૂત્ર આધારિત પ્રશ્ન દ્વારા પૂ. સતિજીઓ પ્રતિ આગમ ભક્તિના ભાવો પ્રગટ કર્યા હતાં. લુક એન લર્ન વાશી સેન્ટરના દીદી કીર્તીદાબેનની ટીમે ઉત્સાહથી ક્વીઝ રમાડી ગુરુભક્તિનું દર્શન કરાવ્યું હતું.

આ રીતે જ્ઞાન-ભક્તિ અને તપ-ત્યાગથી ચારે દિવસ પારસધામ ગુંજી ઉઠયું હતું.

આ દિવસોમાં ગુરુભક્ત શ્રી રાજુભાઇ મોદી, પૂ. વીરમતિબાઇ મ.ના સંસારી ભાઈ શ્રી દિનેશભાઈ મહેતા (નાગપુર), ધર્મવત્સલા માતુશ્રી ભાનુબેન વિનુભાઈ શાહ પરિવાર તથા પૂજ્યવરાના સંસારી ભાઈ શ્રી મહેન્દ્રભાઈ ભાયાણી, ગુરુભક્ત શ્રી મધુબેન શશીકાંતભાઈ ટોળીયા પરિવાર આદિ ગુરુભક્તોએ અનુમોદનાનો અણમુલો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

## શ્રી ખંભાત સ્થાનકવાસી જૈન સંઘ

ખંભાત સંપ્રદાયના શાસન પ્રભાવક, સર્વજનપ્રિય પૂ.આચાર્ય ગુરુદેવ શ્રી અરવિંદમુનિ મ.સા.ના આજીવન અંતેવાસી પૂ. શ્રી ચેતનમુનિ મ.સા. તથા પૂ. શ્રી મુગેન્દ્રમુનિ મ.સા. ઠાણા-૨ તા. 14.07.2013 રવિવારના રોજ સવારનાં 9.30 કલાકે ભગવાન મહાવીરના જયનાદ સાથે ઉત્સાહ અને ઉમંગપૂર્વક ગાદીના ગામ ખંભાતમાં ચાતુર્માસ મંગલ પ્રવેશ કરેલ છે.

## અર્હમ યુવા ગ્રુપનાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનો એવોર્ડ અર્પણ સમારોહ પારસધામમાં યોજાયો.




રાષ્ટ્ર સંત પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. નાં સાંનિધ્યે યોજાતી યંગસ્ટર્સને માર્ગદર્શન આપતી રવિવારીય યુવા શિબિરમાં તા. ૨૫ ઓગસ્ટ રવિવારે શિબિરનાં અંતે અર્હમ યુવા ગ્રુપનાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પૂ. ગુરુદેવનાં સાંનિધ્યે એવોર્ડ અર્પણ કરવામાં આવ્યાં હતાં.

એન્જીનીયરીંગ, ડૉકટરી, S.S.C., H.S.C. આદિ શિક્ષણ ક્ષેત્રે અર્હમ યુવા ગ્રુપનાં ટોપ રેન્કર્સ તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે આ એવોર્ડ આપવામાં આવ્યાં હતાં જેમાં અંદાજિત ૨૦૦ વિદ્યાર્થીઓનાં નામ નોમિનેટ થયાં હતાં.

ઉલ્લેખનિય છે કે, મુંબઇ યુનિવર્સીટીનાં એક્સ વાઇસ ચાન્સેલર અને રાજ્યસભાનાં સભ્ય ડૉ. શ્રી ભાલચંદ્રજી મુંડેકરનાં હસ્તે તેમજ અનેક યંગસ્ટર્સની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યાં હતાં જેનાં દ્વારા ઉપસ્થિત દરેક વિદ્યાર્થીઓને એક નવી પ્રેરણા મળી હતી તેમજ એવોર્ડ મેળવનારા દરેક વિદ્યાર્થીઓનાં ચહેરા પર એક અનેરો ઉત્સાહ છલકાઇ રહ્યો હતો.

## પૂજ્ય શ્રી ગિરીશમુનિ મ.સા. એવમ્ સતીવૃંદોનાં સાંનિધ્યે રાજકોટ મહાનગર પાલિકા દ્વારા '' પૂ. તપસમ્રાટ રતિલાલજી મહારાજ સાહેબ ચોક'' નામકરણ વિધિનો અપૂર્વ અવસર.



ગૌરવવંતા ગોંડલ સંપ્રદાયના તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.ની જન્મ શતાબ્દિ વર્ષની ભારતભરમાં થતી ઉજવણીની કાયમી સ્મૃતિ જાળવવાની જૈન સમાજની લાગણીએ ચંદ્રપાર્ક પાસે આવેલ ઈમ્પીરીયલ હાઈટ્સ ચોકને રાજકોટ મહાનગર પાલિકા દ્વારા '' પૂ તપસમ્રાટ રતિલાલજી મહારાજ સાહેબ ચોક''નું નામ આપવામાં આવ્યું હતું. આ નામ કરણ વિધિ ગોંડલ ગચ્છ દિવાકર પૂજ્ય શ્રી ગિરીશમુનિ મ.સા.ઠા-૨ તથા રાજકોટમાં બિરાજીત પૂ. શ્રી અમિતાબાઈ મ., સાધ્વીરત્ના પૂ. શ્રી ભદ્રાબાઈ મ., પૂ. શ્રી સુમિતાબાઈ મ., પૂ. શ્રી અજીતાબાઈ મ. પૂ.શ્રી રૂપાબાઈ મ.,પૂ.શ્રી પૂનિતાબાઈ મ. આદિનાં સાંનિધ્યે, ગુજરાત પ્રદેશ ભા.જ.પ. મહામંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે માનનીય મેયર શ્રી રક્ષાબેન બોળીયાના અધ્યક્ષ સ્થાને તા.૨૮-૭ રવિવારનાં રાખવામાં આવી હતી.

## પૂજ્ય શ્રી ગિરીશમુનિ મ.સા.નાં સાંનિધ્યે રાજકોટમાં સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા. ની ૧૧૫મી જન્મજયંતિ અવસરે.



રોયલપાર્ક મોટા સંઘના આંગણે '' સૌરાષ્ટ્ર કેસરી શ્રી ગર્જના'' પુસ્તકનું વિમોચન શ્રી પૂજ્ય ગિરીશચંદ્રજી મ.સા.ના સાંનિધ્યે યોજાયેલ.

આ સત્‌કાર્યમાં શ્રી તેજાણી પરિવારે ભાવપૂર્વક અનુમોદના કરેલ.

## રાજકોટમાં ચાલતી સ્વધર્મીબંધુ રાહત યોજના 'સાધર્મિક ભક્તિ' શ્રી રસીકભાઇ પારેખ સાધર્મિક સેવાયજ્ઞમાં દાન આપવા અપીલ...

**સાધર્મિક પ્રત્યે વાત્સલ્યભાવ રાખી મદદ કરવી તે પણ ધર્મ છે.**

સાધર્મિક ભક્તિ... અપાવે મુક્તિ...

શ્રી રસિકભાઇ દ્વારા રાજકોટમાં રહેતા હોય અને ખરેખર જરૂરીયાતમંદ હોય તેવા સ્થાનકવાસી પરિવારોનો સર્વે કરાવી લગભગ ૨૬૦ પરિવારોને નિયમિત દર મહિને વિનામુલ્યે જીવનઉપયોગી ચીજવસ્તુઓ જેવી કે ચા-ખાંડ-તેલ- ચોખા- કઠોળ- ટુથપેસ્ટ વિગેરે તથા પર્વ-તહેવારોમાં મીઠાઇ મિષ્ટાનનું વિતરણ કરવામાં આવે છે. આવી સેવા કરનાર અને સહાય કરનાર પ્રભુને પણ પ્રિય હોય છે. ભૂખનું દુ:ખ ભલભલાને રડાવી દે છે. ભૂખ- ગરીબી એવી હોય કે બાદશાહી ઠાઠથી રહેતાં હોય એને પણ હાથ લંબાવતો કરી દે છે.

પ્રભુ મહાવીરે ઉતરા. સૂત્ર 'મોક્ષ માર્ગ' નામના ૨૮ માં અધ્યયન તથા ૩૦માં અધ્યયનમાં ફરમાવેલ છે કે સાધર્મિકો પ્રત્યે નિ:સ્વાર્થ અનુરાગ કે વાત્સલ્યભાવ રાખીને તેઓની સેવા- મદદ કરવાથી અન્ય લોકોને ધર્મ પ્રત્યે અનુરાગની વૃદ્ધિ થાય છે. કાળઝાળ અસહ્ય મોંઘવારીમાં દરેક વસ્તુઓના બેફામ ભાવ વધી રહ્યા છે. ત્યારે આવું ભગીરથ કાર્ય કોઇ એકલ-દોકલ વ્યક્તિથી ચલાવવું ઘણું કઠીન હોય છે. આપ આપના સારા- માઠા પ્રસંગોમાં સાધર્મિકોની વહારે આવી સાધર્મિક સેવાયજ્ઞમાં સહાયક બની મળેલ સંપતિનો સદ્‌ઉપયોગ કરી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરશો એવી અભ્યર્થના...

**તા .૧૪.૮.૨૦૧૩ સુધી દાતાઓ તરફથી આવેલ રકમ :** ૧. ૨૫૦૦/- મુક્તાબેન વી. કુંભાણીના સ્મરણાર્થે હસ્તે શ્રી સરોજબેન કુંભાણી- બોરીવલી., ૨. ૨૫૦૦/- શ્રી વી.એન. કુંભાણી જેતપુરવાળા હસ્તે શ્રી ચંદ્રકાન્તભાઇ કુંભાણી- બોરીવલી., ૩. ૨૫૦૦/- સ્વ. રંજનબેન .આર. મોદીના સ્મરણાર્થે હસ્તે શ્રી રજનીભાઇ મોદી- ઉપલેટા, ૪. ૨૫૦૦/- સ્વ. નિર્મળાબેન એચ. માવાણીના સ્મરણાર્થે હસ્તે શ્રી રજનીભાઇ મોદી- ઉપલેટા, ૫. ૨૦૦૦/- સ્વ. પુષ્પાબેન શાન્તીલાલ શાહની પુણ્યતિથિ નિમિત્તે હસ્તે. ભાવનાબેન રોહીતભાઇ શાહ, રાજકોટ, ૬. ૧૦૦૦/- શ્રીમતી શારદાબેન શાન્તીલાલ શાહ હસ્તે મહેશભાઇ પુનાતર, જામનગર , ૭. ૫૦૦/- શ્રીમતી લીલમબેન એન. ગોડા તરફથી તે ધર્માનુરાગી શ્રી નગીનભાઇ ગોડા- ગોંડલવાળાની ૮૬મી જન્મ જ્યંતી નિમિત્તે., ૮. ૨૫૦/- એક સુશ્રાવક - રાજકોટ, ૯.૧૦૦/- એક સુશ્રાવિકા- રાજકોટ

**ચેક તથા ડ્રાફ્ટ મોકલવાનું સરનામું :-** શ્રી રસિકલાલ સી. પારેખ, ૩૧/૩૬ કરણપરા, રાજકોટ- ફોન:૨૨૨૩૦૩૯ મો. ૯૪૨૭૨૨૧૫૦૫.

# CRESCITA : "Multiplying Wealth & Opportunities"

CRESCITA GROUP

## CRESCITA ADVISORS LLP
## CRESCITA ADVISORS (PTE) LTD (SINGAPORE)
## CRESCITA BUILDERS LLP

## Financial Advisory Services

- Equities, Commodities, Equity Derivatives (Futures & Options), Currency Derivatives, Mutual Funds, Primary Markets (IPO's) & Private Equity Advisory in Financial Markets
- Non Resident Indian (NRI), PIO, OCI, Individual & Foreign / Domestic Institutional Investors (FII / DII), Advisory & Portfolio Management Services
- Fundamental, Technical & Quantitative Research based Financial Advisory Services

## Real Estate Advisory Services

- Next Generation Residential Real Estate Investment Opportunities & Investments in Second / Vacation Homes
- Opportunities ranging from Affordable to Premium-Signature Residential Real Estate
- ***Recently Launched :***

  Upcoming ***40 Storey Residential Tower "Zeus Residency"*** at SION, Mumbai, with all recreational & modern amenities and situated in the heart of Mumbai City

## Crescita Group

CRESCITA GROUP

- Get your all Financial Services & Real Estate Advisory needs sufficed at a one stop shop
- Proactive & professionally managed group with vast experience in Financial & Realty Sectors for identifying & creating opportunities
- Dedicated team for Portfolio & Real Estate Management Services for Non Resident Indian Individuals & Institutional Investors
- Strong Research team with experience based knowledge & high levels of professionalism.

***Contact :***

Hemant Thosani - +91-98200 71477 Mitesh Shah - +91-98200 75298 Bhavesh Shah - +91-97573 52597

***Mumbai Office :***

**101/102, Midas Tower, 1st Floor, Bhaudaji Road Extension, Sion West, Mumbai 400022**
**Tel: +91-22-2404 4 786 / 2404 9 786 (Tel/Fax) • Mob: +91-9757 22 1234 / 9757 333 444 / 9969 333 444**
**Email : info@crescitagroup.com • Web : www.crescitagroup.com**

***Singapore Office :***

**#03-18, High Street Centre, 1, North Bridge Road, Singapore – 179094**
**Tel: +65-6338 5404 / 6338 0402 • Fax: +65-6339 8742 • Mob: +65-9126 2665 – Mr B R Shah**

NSE National Stock Exchange of India Limited | Bombay Stock Exchange Limited BSE The edge is efficiency | NCDEX | MCX India's No.1 Commodity Exchange | MCX SX MCX STOCK EXCHANGE | MANSUKH Investment & Trading Solutions make more, for sure.

*With Best Compliments from*

# Shasun Pharmaceuticals Limited

*Manufacturer of*
*Finished Dosage Forms, Bulk Pharmaceutical*
*&*
*Bio therapeutic Ingredients*

Shasun®
For Life - Science Works

*Registered & Corporate office*

*3rd & 4th Floor, "Batra Centre"*
*28, Sardar Patel Road, Guindy, Chennai 600 032. India*

*Tel : 91-44-4344 6700 Fax : +91-44-2235 0278*
*Email : shasun@shasun.com, Website : www.shasun.com*

UNIVERSAL
Earthing Systems

# One & Only PATENTED Safe Earthing Electrode

UES Brand Earthing Electrodes & Mineral Filing Compound are tested & accepted:

## Various Industries & Govt. Departments

Providers of Advanced Earthing Systems for every Earthing requirements

Longer Life - Easy to install - Maintenance Free - Space Saving Consistent Performance Single Product Solution





AN ISO 9001 - 2008
CERTIFIED COMPANY

UES Brand

Visit us at :
www.ues.in





Copper Bonded Steel Rods
UES Brand are now
UL LISTED

It's Never Late Consider Safety First

## Universal Earthing Systems Pvt. Ltd.

Manufactures of Maintenance Free Safe Earthing & Chemical Mineral Filling Compound

1-12, V.C.I. Estate, Errukancherry High Road, Sharma Nagar, Vyasarpadi, Chennai - 600039.
e-mail : ueschennai@yahoo.com,ueschennai@gmail.com Phone :91-44-25513481,42817271.




## દિલ્હીમાં

### રહેવા જમવાની ઉમદા સગવડ

5 Star Amenities

SWATI Hotels

- 15-A/56, W.E.A. Karol Bagh, Opp. Roopak Stores, Ajmal Khan Road, New Delhi - 110 005
- 17-A/32, W.E.A. Karol Bagh, Gurudwara Road, Opp. Jasaram Hospital, New Delhi - 110 005

Suruchi
VEGETARIAN RESTAURANT

**Delhi:** Karol Bagh ★ Shalimar Bagh ★ Anand Vihar ★ **Faridabad**

**Opening Shortly**
**Bhopal - Jalandhar - Raipur**

Shudh
North India's First Vegetarian Food Court

**Delhi:** Karol Bagh
Jalandhar
**Opening Shortly**
**Bhopal - Guwahati**

**Franchise inquiry solicited**

Tel:**+91-11-45000300** Resv.no:**+91-11-45000325/26**
E-mail: info@hotelswati.com / reservation@hotelswati.com
www.swatihotels.com
www.shudhrestaurant.com
www.suruchirestaurants.com

A VENTURE OF SUGAL & DAMANI GROUP

**Pravin Shah**
**Piyush Shah**
**M.: 9320555504**

# Kaladeep Corporate

## Manufacturers & Suppliers Of :

**CORPORATE & INDUSTRIAL UNIFORMS,**
**FILTER BAGS, THIGHER,**
**BATA SAFETY SHOES & SAFETY ITEMS**

Stockist : Filter Cloth, "Duck Back" Raincoats, Gumboots, Umbrellas, Woollen Sweaters & Any General Welfare Items.

A/3, Jivram Bhuvan, Ram Ratan Trivedi Road, Mulund (West), Mumbai - 400 080. Telefax. : 2560 4627, Tel. : 2591 9401
E-mail : kaladeepcorp_80@yahoo.com

# 'Dashmu Vrat'
## Aaradhana by LNL Kids



## Kids taste the essence of true freedom on Independence Day

**રાષ્ટ્ર સંત પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.** એક એવા દીર્ઘદષ્ટા સંત જેઓ ન માત્ર વર્તમાન સમયને અનુરૂપ ધર્મની પ્રવર્તના કરે છે પરંતુ લાંબા સમય સુધીના ભવિષ્યનું ક્લીઅર વિઝન પણ જેઓ ધરાવે છે.

બાળમાનસ એટલે કોરી પાટી. એ કોરી પાટીમાં શરૂઆતમાં જે લખવામાં આવે તે અંતિમ સમય સુધી એના હૃદયમાં અંકિત થઇ જાય છે અને એટલા માટે જ, બાળકોને નાનપણથી જ ધર્મના સંસ્કારોથી પરિચિત અને સુસંસ્કારિત કરવા તેઓ સમયે સમયે પ્રેરણા આપતાં રહે છે.

એટલે જ... નાના બાળકોને એક દિવસ માટે સાધુ જીવનની અનુભૂતિ કરાવતી આવી જ એક પ્રેરણાનો અવસર એટલે...

૧૫ ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિનની રજાનો દિવસ... પારસધામ સંકૂલ...સફેદ વસ્ત્ર ધારણ કરી સાધુ- સાધ્વીનાં વેશમાં સજ્જ અનેક બાળકો અને.... પૂ. ગુરુદેવનું પરમ સાંનિધ્ય... !!!

એક અદ્ભૂતતા સર્જાઇ ગઇ... જ્યારે દસમાં વ્રતની આરાધના કરવા માટે આખો દિવસ નાના બાળકો પારસધામમાં રહીને સાધુ જીવનની ક્રિયાઓ... ધ્યાન, કાઉસગ્ગ, ગૌચરી આદિ કરવા લાગ્યાં... ! ધ્યાન અને કાઉસગ્ગ દ્વારા મનને એકાગ્ર કરવાનો પ્રયત્ન કરતાં આ બાળકો વડિલોને પણ પ્રેરિત કરી રહ્યાં હતા એટલું જ નહીં, પૂ. ગુરુદેવની આજ્ઞા લઇને નાના નાના હાથમાં નાના નાના પાત્રા લઇને ગૌચરી વ્હોરાવીને લઇ આવતાં બાળકો જોઇને દરેકનાં હૃદયમાં અહોભાવ પ્રગટ થઇ જતો હતો.

ધ્યાન
ભક્તિ
ગૌચરી
કાઉસગ્ગ
સફેદ વસ્ત્ર



હવે ક્યાં ઘરે જવું છે વ્હોરાવવા ?

જીવજંતુની રક્ષાને ધ્યાનમાં રાખી જતનાપૂર્વક ગૌચરીએ જતાં બાળકો.



નાના છીએ એટલે 50% ઘરે 50% તમારી પાસે, 100% તમારી પાસે ક્યારે આવીએ ?

પૂ. ગુરુદેવનું પ્રેમભર્યું, મીઠું સાંનિધ્ય માણતા બાળકો.



આવી શાંતિનો અનુભવ તો અમારા A.C રૂમમાં પણ નથી થતો.

ઝાડ નીચે ધ્યાન કરતાં બાળકો.

# youth CONNECTIONS

# KALYAN MITRA



*Water can be drawn out from the well of Love to satisfy our thirst, we cannot jump inside.*

Today's youth live saddled under stress, pressure, sorrow, misery, discomforts and censure. Though they have a guardian in their life, they lack the guidance required to elucidate their problems. Therefore their lives are devoid of happiness, joy, peace and harmony.

The general mind-set of the youth is to get fascinated by the slightest love, care and emotions shown by someone towards them. That person soon becomes the center of their universe. However, what they perceive as the sweetest sugar, may not truly be sugar, but just a supplement for sweetness- saccharine. It is too late by the time they realize the truth. By the time the comb of experience is held in the hand, the head is bald as all the hair has fallen off. It is important to be alert and aware the moment someone gives you extra attention and love. This is the time to check whether the person is sugar or saccharine! The one who truly cares for you, has genuine feelings for you, will stand by you as a strong pillar of support through your darkest phases in life. He will will be ready to accept you as your are, with all your positive and negative qualities and your nature. The greatest test here is to see if he has the ability to tolerate negligence and indifference from you. Everyone likes garnering attention and good behavior. But, only the one who can tolerate your negativities will truly accept you and be able to adjust with you for a lifetime.

True companionship is not self-centred. “A true friend stands by you in times of sorrow and need”.

It is often observed that a relationship with starts with friendship, ends in love. Then the question arises, “Is it right or wrong to be in love?”

Love is like water. Water becomes the source of survival for a person if consumed in the right quantity. However, if consumed in excess, it can even drown a person. If you want water from the well, you need to draw it out. You cannot jump into the well. This is because the quantity of water is limited when we draw it out. But if we jump into the well, the quantity is unlimited, beyond our capacity of intake. Similarly, in any relationship, love should be within boundaries. Anything which is beyond limits causes destruction.

Just as it is important to have meaningful relationships in life, it is important to understand that the love in every relationship brings with it an expiry date. And when we are dependent only on external sources for our happiness, our happiness is often short lived. So how can we seek a relationship which remains with us forever without making us handicapped with its dependency?

It is simple, be your own friend. If you begin to love yourself, you will see no urge of seeking love elsewhere. Till today you have met people with your open eyes, now try to close your eyes and meet yourself.

The whole world strives for those who have connected with themselves.

By connecting with the Self, we are able to seek the right guidance, the true inspiration and the right advice which always comes to us from our inner voice. Our inner voice is the Guru that resides within us. However, most of us fail to recognize this inner voice and stand at a crossroad of confusion and vivering mind. It is at this point that our Kalyan Mitra comes into picture. Kalyan Mitra is that companion who has heard his own inner voice and wants to help us to hear our own voice. He is an individual who always thinks for our well being. He gives selflessly without anticipating anything in return. He is guided by his selfless love and not by selfish motives of greed or expectations. It is by mere compassion that he holds our hand and empowers us to take tiny steps in the journey of life and prevents us from going astray. He is the one who activates our ruchak pradesh and enables us to listen to our inner voice. He makes us capable enough to become independent, to seek true companionship within us.

**"Seek your Kalyan Mitra, Seek your true Soul Friend...!"**

While traversing the journey of life, we are faced with both success and failure. People feel dejected and sad when they fail to achieve what they desire. However, we need to remember a golden sentence in our life. "Someone can take an object from your palm, but no one can steal it from the lines of fortune hidden in your palm." No one can change what you are destined for. Hence, in times of failure, think and act positively. Channelizing your energies in the positive direction alone will yield positive results. Crying or merely repenting will lead you nowhere.

Make your stone of obstruction your stepping stone to success.

Learn to accept your mistakes, if you want to improvise on them. Every failure brings with it the experience which will help you move closer to success. Learn to transform every failure into an opportunity to grow. Positivity attracts positivity. Relove to infuse your life with positivity!

PARASDHAM **કોલકત્તા**

## વડીલોને અર્પણ... રાષ્ટ્રભક્તિ સંધ્યા

**૧૫**મી ઓગસ્ટ ... સ્વાતંત્ર્ય દિવસે ... રાષ્ટ્ર પ્રેમની અભિવ્યકિત કરતો કાર્યક્રમ 'એક શામ સીનીયર સીટીઝન- માતા-પિતા કે નામ'નું આયોજન પારસધામ-કોલકત્તા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી ધીરેનભાઈ સંઘવીએ રાષ્ટ્ર પ્રેમની ભાવનાથી તરબોળ કરતાં દેશભકિતનાં સૂરો વહાવ્યાં હતાં. બાળકો અને યુવાનો દ્વારા માતા-પિતાને ભકિતમય બનાવતા પ્રથમવાર જ આયોજિત આ કાર્યક્રમ પ્રશંસનિય રહ્યો હતો. ધોધમાર વરસતા વરસાદમાં પણ વડીલો ઉત્સાહભેર આવ્યાં હતાં.

ગોંડલ ગચ્છ શિરોમણી પૂજ્ય શ્રી જ્યંતમુનિજી મ.સા. ના આશીર્વાદ અને રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. પ્રેરિત '' ટીફીન સેવા'' નો શુભારંભ કરવામાં આવેલ.





## પારસધામ, અર્હમ યુવા ગ્રુપ, લુક એન લર્ન અને ગુરુભક્તો દ્વારા ગૌમાતાને ભોજન...





**પા**રસધામ કોલકત્તા તથા અર્હમ યુવા ગ્રુપ અને લુક એન લર્નના બાળકો, દીદીઓ તથા ગુરુભક્તોની સાત બસ જેમાં પાંચ વર્ષના બાળકોથી લઇ ૭૦ વર્ષના વડીલો શોધપુર ગૌશાળામાં ગયા હતાં. દરેકને રોટલી ગોળ અને કેળાના પેકેટ આપવામાં આવ્યાં હતાં, જેથી દરેકને એમ જ ફીલ થતું હતું કે અમે જ ગાયમાતાને ભોજન કરાવીએ છીએ... પ્રથમ વખત જ ગૌશાળાની મુલાકાતે આવનારા અનેક લોકોએ પોતાના હૃદયસ્પર્શી અનુભવ સાથે એક જ વાત કરી... દર મહિને અમને આવો લાભ મળે એવું આયોજન કરશો. **૧૩,૦૦૦ રોટલી, ૧૫૦૦ કેળા અને ૧૦૦ કિલો ગોળના ભોજન બાદ ગૌશાળાને ૧૦,૦૦૦/- અર્પણ કરવામાં આવેલ.**

દરેકનાં મુખ પર પૂ. ગુરુદેવની કૃપાએ ગૌમાતાને ખવડાવવાનો પરમ સંતોષ અને આનંદ દેખાઇ રહ્યા હતો.

શાસનરત્ના પૂજ્ય શ્રી પ્રાણકુંવરબાઇ મ. આદિના સાંનિધ્યે શ્રી કામાણી જૈન ભવન અને અર્હમ યુવા ગ્રુપના ઉપક્રમે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. પ્રમુખ શ્રી પ્રફુલ્લભાઇ મોદીએ ધ્વજવંદન કરીને સહુને સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છા આપી હતી. જ્યારે પૂજ્ય મહાસતીજીએ પ્રાસંગિક પ્રવચન ફરમાવ્યું હતું.

તારીખ 17.08.13 ના ગુરુ સ્પંદન ગ્રુપ દ્વારા ભક્તિ સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં શ્રી પ્રિયલબાઇ મ. એ પણ ભક્તિ ગીતની હેલી સાથે જૈન ધર્મને બિરદાવ્યો હતો.

તારીખ 18.08.13 ના પૂજ્યશ્રીએ રક્ષાકવચ જાપ કરાવ્યા હતા અને તપસ્વી પૂજ્ય શ્રી માણેકચંદ્રજી મ.સા.ની તપસ્યાને અનુલક્ષી મોળા એકાસણા કરાવ્યાં હતાં.

તારીખ 25.08.13 ના સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા.ની જન્મ જયંતિ ઉપલક્ષે સોનારૂપાના એકાસણા કરાવ્યાં હતાં.



# Bhagwan Mahavir
## A Super Scientist

Rashtra Sant Pujya Gurudev Shree Namramuni Maharaj Saheb

We revere faith in Parmatma and await scientific progress. However, our biggest weakness is that we consider science and religion as two separate thought processes which cannot co-exist!

We have always seen Bhagwan Mahavir as Parmatma, the one who has shown us the elevating path to emancipation. However, we have never realized the enormity of His Infinite Knowledge...the knowledge which transcends beyond our superficial intellect - The Omniscient Knowledge!

Bhagwan Mahavir's *Sarvagnataa* (Enlightment) reveals to us every secret of the Universe. Innovations and inventions which Science has discovered after deep research, were known to Mahavir through His Inner eyes. And hence, the Science of today is not a contradiction of Mahavir's Wisdom, but the child of Super Scientist Mahavir!

A fascinating discovery which has been made by Science in the past few decades is that the human body contains innumerous pores, which erupt in certain situations and are termed as Goosebumps.

**Science :** Goosebumps occur when strong emotions and intense cold is felt by an individual and these emotions trigger the sympathetic nervous system to secrete a hormone "Adrenaline" which causes these skin pores to open up. They can be caused under stress or even when we are nervous, anxious or afraid.

**Bhagwan Mahavir :** Goosebumps occur when intense emotions like extreme grief, immense joy and infinite bliss vibrate the soul. These vibrations cause the body pores to open up and the body hair to erect. Secondly, goosebumps also occur when the soul leaves the body for a flash of a few seconds. This process is called Samudghaat as per the language of the Aagam Scriptures.

**Bhagwan Mahavir :** When a person speaks a lie, his aura and his vibrations autmatically becomes negative. A negative aura along with a guilty conscience often changes the body language of an individual. The negative vibrations affect the body pores and cause them to open up. Hence, its a fact that body language and goosebumps, if studied well, can easily reveal if a person is speaking the truth or not.

**Science :** Goosebumps can act as a Lie Detector. During interrogations, the body language and goosebumps are used by interrogators to judge whether a person is revealing the truth or no.

**Science :** A recent study by Scientists have proved that the number of pores on the human body is 3.5 crores. This figure has also been confirmed in Ayurveda.

**Bhagwan Mahavir :** Bhagwan Mahavir has revealed the exact same figure of the number of pores on the human body. This fact can be witnessed in story of Sulsa Shravika. When Parmatma is about to grace her palace, she does not any messenger to come and giver her this message. The immense positivity of Parmatma's vibrations causes an inexpressible joy in heart and all the 3.5 crore goosebumps on her body give her the message that Parmatma is soon going to arrive!

Bhagwan Mahavir's immense Purusharth and inner Pragna led Him to discover the Ultimate truth. True Religion is that which leads us to the Ultimate Truth. Jainism is truly scientific in every approach and Bhagwan Mahavir is a Super Scientist!

*Science is a child of God!!*

પૂજ્ય ડુંગર-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ

પારસધામનાં પાવન પ્રાંગણે

राष्ट्रसंत

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. ના

43 મા જન્મોત્સવ અવસરે

# માનવતા મહોત્સવ

**રવિવાર , 29th સપ્ટેંબર 2013**



## આત્મિય આમંત્રણ

**દિવ્યાનુભૂતિકર સવિશેષ પરમાત્મન્ ભક્તિ..!**

**મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર જપ-સાધના...**

તીર્થંકર પરમાત્મા પાર્શ્વનાથની ઉત્કૃષ્ટ ભક્તિનાં પ્રતિક સમા ઉવસગ્ગહરં સ્તોત્ર રાષ્ટ્ર સંત પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. ને જીવનની કટોકટીની ક્ષણે એ સ્વયં સ્ફૂરિત થયો. સતત સાધના-આરાધના દ્વારા પૂ. ગુરુદેવે હજારો લોકોને આ સ્તોત્રની પ્રભાવકતાની અનુભૂતિ કરાવી રહ્યાં છે.

હંસગતિ, સિંહગતિ, હસ્તિગતિ અને સર્પગતિથી લયબધ્ધ પધ્ધતિએ અને એક એક અક્ષર પર લેવાતા આરોહ-અવરોહથી પૂ. ગુરુદેવનાં બ્રહ્મધ્વનિએ બુલંદ સ્વરથી કરાતી શ્રી ઉવસગ્ગહરં જપ સાધનાનો આજ સુધી હજારો લોકોએ લાભ લઈને પોતાનાં જીવનમાં શાંતિ સમાધિ અને એના સાક્ષાત્કારનો અનુભવ કર્યો છે.

**રાષ્ટ્ર સંત પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. ના ૪૩ માં જન્મદિન નિમિત્તે આયોજિત માનવતા - મહોત્સવમાં પૂ. ગુરુદેવનાં શ્રી મુખેથી આ સ્તોત્રની જપ આરાધના કરી, આવો, આપણે પણ એ દિવ્ય તરંગોનાં પરમાણુઓમાં સ્નાન કરી દિવ્યાનુભૂતિ કરતાં ધન્ય બનીએ!**

### વિશેષ લાભ

આ પાવન અવસરે સ્વાધ્યાય પ્રેમી પૂ.શ્રી પિયુષમુનિ મ.સા. એવમ્
પૂજ્યવરા મુક્ત-લીલમ ગુરુણીના સુશિષ્યા **આગમ પ્રેમી પૂ. શ્રી વીરમતીબાઈ મ. ઠા.૯**,
તથા ઘાટકોપર બિરાજમાન સર્વ સંત સતીજીઓના દર્શનનો લાભ પ્રાપ્ત થશે.

### ગુરુભક્તિ અર્પણ

**માનવતા મહોત્સવ અવસરે....**

**દેશ- પરદેશના ગુરુભક્તો, બૃહદ મંબઈ તથા ગામે ગામનાં સંઘો,સંઘ પ્રતિનિધીઓ, શ્રેષ્ઠીવર્યો, અગ્રણી મહાનુભવો, અર્હમ યુવા ગ્રુપ, લુક એન લર્ન જૈન જ્ઞાન ધામ, શ્રી ઉવસગ્ગહર ભક્તિ ગ્રુપ, અર્હમ સત્સંગ, પારસધામ, પાવનધામ, પવિત્રધામના સદ્સ્યો, સેવા પ્રેમી ભાઈઓ તથા બહેનો અને વિશાળ સંખ્યામાં ભાવિકો ગુરુચરણમાં ભક્તિભાવ અર્પણ કરવા ઉપસ્થિત રહેશે.**

આમંત્રક: પારસધામ વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર - (ઈ), મુંબઈ.

બહારગામની વ્યક્તિઓ માટે રહેવાની વ્યવસ્થા રાખવામા આવેલ છે. અગાઉથી જાણ કરવા વિનંતી. સંપર્ક : **9820504911**

Registred with Registrar of Newspapers under RNI NO. MAHGUJ/2008/37878
Postal Registration No. MH/MR/N/94/MBI/11-13 Published on 5th of every month
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 5/6-09-2013


# Elate. Exalt. Exhilarate!



A day to rejoice in divinity! A day to immerse ourselves in reverence!
A day to offer intense veneration at the lotus feet of our beloved Gurudev!

## Sadguru

whose missions radiate serenity...
whose guidance inspires prosperity...
whose presence expounds austerity...

To treasure and revel in HIS ecstasy alights

**Rashtra Sant Pujya Gurudev Shree Namramuni Maharaj Saheb**

## 43rd Anniversary

The Birth , The Day , The Dawn of HIS majesty, personified !!

To tune into eternal Bhakti , to indulge into Euphoria,
to honour the dignified Birth of our Pujya Gurudev we extend to one and all.

Our earnest invitation of

## Manavta Mahotsav & Shree Uvasaggahar Stotra Jaap

Sunday , 29th september 2013

A celebration to render homage to THE ONE who is
a boon to humanity, a true visionary striving for welfare of
every living being an epitome of universal love, compassion & humility.



Watch
**Live Webcast**
Sept 29
9:00am

www.parasdham.org/LIVE

Visit us on :
connect@parasdham.org